સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 24

[JUNE - 2023]
[11/06/23 to 17/06/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**11 JUNE-2023**

- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુને સુરીનામના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા ..... 02
- NHAIનો પ્રથમ સસ્ટેનેબિલિટી રિપોર્ટ (First Sustainability Report of NHAI) ..... 04
- QUESTION ANSWERS ..... 06

**12 JUNE-2023**

- દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ (World Day Against Child Labour) ..... 07
- ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે દિલ્હીમાં પ્રથમ રાઉન્ડ ટેબલ સંયુક્ત બેઠક યોજાઈ ..... 07
- મિશન ઓન એડવાન્સ એન્ડ હાઈ-ઈમ્પેક્ટ રિસર્ચ ..... 09
- QUESTION ANSWERS ..... 12

**13 JUNE-2023**

- દિવસ મહિમા : 13 જૂન, આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃત્તિ દિવસ ..... 13
- FSSAI 'State Food Safety Index 2022-23' ..... 13
- ICC World Test Championship 2021-2023 : ઓસ્ટ્રેલિયાનો વિજય ..... 16
- ભારતીય મૂળના વૈજ્ઞાનિક સુશ્રી જોયિતા ગુપ્તાએ સ્પિનોઝા પુરસ્કાર જીત્યો ..... 18
- QUESTION ANSWERS ..... 19

**14 JUNE-2023**

- દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ અથવા તો વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ ..... 20
- સાહિત્ય ગૌરવ પુરસ્કાર-2022 અને યુવા ગૌરવ પુરસ્કાર 2022 ..... 21
- ભારતનું પ્રથમ ડાયમિથાઈલ ઈથર ઇંધણ સંચાલિત ટ્રેક્ટર ..... 23
- QUESTION ANSWERS ..... 24

**15 JUNE-2023**

- દિવસ મહિમા : 15 જૂન, (1) વૈશ્વિક પવન દિવસ,વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ ..... 25
- SIPRI Year Book 2023 અનુસાર ભારતમાં 164 પરમાણુ શસ્ત્ર હોવાની સંભાવના ..... 25
- ફ્રેન્ચ ઓપન 2023 (French Open-2023) ..... 27
- પર્યાવરણ મંત્રાલયે ગૌલા નદીના ખાણકામને મંજૂરી આપી ..... 29
- QUESTION ANSWERS ..... 30

**16 JUNE-2023**

- દિવસ મહિમા : 16 જૂન, આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ દિવસ ..... 32
- સંશોધક જહાજ (Sanshodhak Ship) ..... 32
- અંડર-20 ફૂટબોલ વર્લ્ડ કપ : ઉરુગ્વે ચેમ્પિયન ..... 33
- QUESTION ANSWERS ..... 34

**17 JUNE-2023**

- દિવસ મહિમા : 17 જૂન, વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ, વિશ્વ મગર દિવસ ..... 35
- કર્ણાટકની ઈશાદ કેરીને GI ટેગ ..... 35
- નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટીનું નામ બદલવામાં આવ્યું ..... 36
- વૈભવ ફેલોશિપ યોજના (VAIBHAV Fellowship Scheme) ..... 36
- QUESTION ANSWERS ..... 38

**ONE LINER** ..... 39

**QUESTION OF THIS WEEK** ..... 42


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુને સુરીનામના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા



ભારતીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુને દ્વિપક્ષીય સંબંધોના મહત્ત્વને રેખાંકિત કરવા બદલ સુરીનામનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ ચેઈન ઓફ ધ યલો સ્ટાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- આ સાથે તેઓ આ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા છે.
- સુરીનામ પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ શ્રી ચંદ્રિકાપ્રસાદ સંતોખી દ્વારા તેમને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- ધ ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ ચેઈન ઓફ યલો સ્ટાર એ સુરીનામ પ્રજાસત્તાકનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર સન્માન છે.
- તે એવી વ્યક્તિઓને એનાયત કરવામાં આવે છે જેમણે સુરીનામના લોકો અથવા રાષ્ટ્ર માટે પ્રશંસનીય યોગદાન આપ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સુરીનામમાં ભારતીયોના આગમનની 150મી વર્ષગાંઠ

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ અને સુરીનામના રાષ્ટ્રપતિ શ્રી ચંદ્રીકાપ્રસાદ સંતોખીએ સુરીનામમાં ભારતીયોના આગમનની 150મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી.

- 1873માં ભારતીયોએ પ્રથમ વખત સુરીનામની ધરતી પર પગ મૂકયો હતો. તેના 150 વર્ષ પૂર્ણ થયા છે.
- રેકોર્ડ મુજબ સુરીનામમાં ભારતીયોનું પ્રથમ જૂથ 5 જૂન, 1873ના રોજ આવ્યું હતું.
- નોંધનીય છે કે 1873માં લલ્લા રૂખ નામના જહાજ દ્વારા તેઓ સુરીનામમાં પહોંચ્યા હતા.
- નાના દક્ષિણ–અમેરિકન દેશમાં પ્રથમ પગ મૂકનારા ભારતીયો વધુ સારા જીવન માટે ત્યાં ગયા હતા.

### OCI કાર્ડ

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ જણાવ્યું કે હાલમાં સુરીનામ તેના પૂર્વજોના વારસા અને તેના સંબંધોની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ભારત એકતા અને આદર સાથે સુરીનામની સાથે ઉભું છે.

- તેમણે ભારત અને સુરીનામ વચ્ચેના સંબંધોને વિસ્તારતા OCI કાર્ડ માટેની પાત્રતા માપદંડોને ચોથી પેઢીથી છટ્ઠી પેઢી સુધી લંબાવવાના ભારત સરકારના નિર્ણયની જાહેરાત કરી હતી. જેઓ ભારતીય પ્રદેશમાંથી સુરીનામ આવ્યા હતા.
- રાષ્ટ્રપતિશ્રીએ ભૌગોલિક અંતર હોવા છતાં ભારતીય પ્રવાસીઓના તેના વારસા સાથેના ઊંડા જોડાણને સ્વીકાર્યું અને એક સમાવેશી વૈશ્વિક વ્યવસ્થા માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.
- આ સાથે G20 અને વોઈસ ઓફ ગ્લોબલ સાઉથ સમિટ જેવી પહેલોમાં સુરીનામની ભાગીદારીને પણ માન્યતા આપવામાં આવી હતી.

નોંધ : (1) OCIનું પૂરું નામ ઓવરસીઝ સિટીઝનશિપ ઓફ ઈન્ડિયા છે. જેનો ગુજરાતીમાં અર્થ થાય છે. ભારતની વિદેશી નાગરિકતા.

(2) શ્રીમતી દ્રોપદી મુર્મુએ આ પ્રસંગે સુરીનામમાં બાબા અને માઈના સ્મારક પર શ્રદ્ધાંજલી અર્પી હતી.

## સુરીનામ

સુરીનામ એ દક્ષિણ અમેરિકાના ઉત્તરપૂર્વીય કિનારે આવેલ એક નાનો દેશ છે.

- સુરીનામ ગુયાના, બ્રાઝિલ અને ફ્રેન્ચ ગુયાનાથી ઘેરાયેલો છે.
- તેની રાજધાની અને સૌથી મોટું શહેર પેરામરિબો (Paramaribo) છે.
- સુરીનામ 17મી સદીથી 25 નવેમ્બર, 1975ના આઝાદી મળી ત્યાં સુધી ડચ (નેધરલેન્ડ) સામ્રાજ્ય હેઠળ હતું.
- તે ક્રેઓલ્સ, ભારતીય, મરુન્સ, જાવાનીઝ, ચાઈનીઝ અને સ્વદેશી લોકો સહીત બહુવિધ વંશીય જૂથોનો સમાવેશ કરતી વિવિધ વસતી ધરાવે છે.
- સુરીનામ બહુપક્ષીય રાજકીય વ્યવસ્થા સાથેનું લોકશાહી પ્રજાસત્તાક છે.
- સુરીનામમાં બોકસાઈટ, સોનુ, તેલ અને લાકડા સહિત સમૃદ્ધ કુદરતી સંસાધનો છે.
- ખાણકામ અને કૃષિ ક્ષેત્રો ખાસ કરીને ચોખા અને કેળા સુરીનામની અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે.
- આ ઉપરાંત તે મૂળ વરસાદી જંગલો અને પુષ્કળ પ્રમાણમાં જૈવવિવિધતા માટે જાણીતું છે.
- સુરીનામના વર્તમાન રાષ્ટ્રપતિ શ્રી ચંદ્રિકાપ્રસાદ સંતોખી છે. જેને ટૂંકમાં ચાન સંતોખી તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NHAIનો પ્રથમ સસ્ટેનેબિલિટી રિપોર્ટ (First Sustainability Report of NHAI)



નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં નાણાકીય વર્ષ 2021-22 માટે તેનો પ્રથમ સસ્ટેનેબિલિટી રિપોર્ટ બહાર પાડયો છે.

- આ અહેવાલ પર્યાવરણીય ટકાઉપણું માટે NHAIની પ્રતિબદ્ધતા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના તેના પ્રયત્નોને પ્રકાશિત કરે છે.
- એટલે કે આ રિપોર્ટમાં NHAIનું ગવર્નન્સ માળખું, હિતધારકો, પર્યાવરણ અને સામાજિક જવાબદારીની પહેલો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.
- સસ્ટેનેબિલિટી રિપોર્ટ ગ્લોબલ રિપોર્ટિંગ ઈનિશિયેટિવ (GRI) માર્ગદર્શિકા અનુસાર તૈયાર કરવામાં આવ્યો છે. અને તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સિંગ માટે 'ગ્રીન ફાઈનાન્સ' (Green Finance) આકર્ષવામાં મદદ કરશે.

## રિપોર્ટના મુખ્ય તારણો

NHAI એ ભારતમાં હાઈવે નેટવર્કને ડિજિટાઈઝ કરવા માટે 'ડેટા લેક ટૂલ' વિકસાવ્યું છે.

- જેનાથી NHAI તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા જનરેટ થતાં વિશાળ જથ્થાને અસરકારક રીતે સંચાલિત કરવામાં સક્ષમ બનાવે છે.
- NHAIએ નાણાકીય વર્ષ 2019-20 થી 2021-22 સુધી સીધા ઉત્સર્જન અને બળતણના વપરાશમાં અનુક્રમે 18.44% અને 9.49% ઘટાડો કર્યો છે.
- ઊર્જા વપરાશ, કામગીરી, પરિવહન અને મુસાફરીમાંથી GHG ઉત્સર્જનમાં નાણાકીય વર્ષ 2020-21માં 9.7% અને નાણાકીય વર્ષ 2021-22માં 2%નો ઘટાડો જોવા મળ્યો હતો.
- NHAI ફલાયએશ, પ્લાસ્ટિક વેસ્ટ, રિસાયકલ ડામર અને રિસાયકલ કરેલ એગ્રીગેટ્સ સહિત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નિર્માણ માટે રિસાયકલ સામગ્રીનો ઉપયોગ કરે છે.
- માનવ–પ્રાણી સંઘર્ષને ઘટાડવા માટે વન્યજીવ સંરક્ષણ અને સંરક્ષણ પગલાં તરીકે ત્રણ વર્ષમાં 20 રાજ્યોમાં 100થી વધુ વન્યજીવન ક્રોસિંગ બનાવવામાં આવ્યા છે.
- NHAIએ ઈકો–ફ્રેન્ડલી રાષ્ટ્રીય ધોરીમાર્ગો વિકસાવવા વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરી છે.
- જેમાં સીધા વાહનોના ઉત્સર્જનની ભરપાઈ કરવા માટે વર્ષ 2021-22 સુધીમાં લગભગ 2.74 કરોડ રોપાઓ રોપવામાં આવ્યા છે.
- નોંધનીય છે કે છેલ્લા ત્રણ વર્ષમાં NHAIમાં મહિલાઓ અને સીમાંત સમુદાયોની રોજગારીમાં વધારો જોવા મળ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ:** (1) <u>GRI</u> એ સ્વતંત્ર, આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે વ્યવસાયો અને અન્ય સંસ્થાઓને પર્યાવરણ પરની તેમની અસરો માટે જવાબદારી લેવામાં મદદ કરે છે.

(2) તે તમામ કંપનીઓ અને સંસ્થાઓને તેમની આર્થિક, પર્યાવરણીય, સામાજિક અને શાસન કામગીરીની જાણ કરવા સક્ષમ બનાવે છે.

(3) GRI સચિવાલયનું મુખ્ય મથક <u>નેધરલેન્ડના એમ્સ્ટરડેમ</u>માં આવેલું છે.

## NHAI

**NHAIનું પૂરું નામ <u>'નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા'</u> છે.**

- NHAIની સ્થાપના <u>NHAI એક્ટ, 1988</u> હેઠળ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH)ના વહીવટી નિયંત્રણ હેઠળ કરવામાં આવી હતી.
- NHAI દેશમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નેટવર્કના સંચાલન અને વિકાસ માટે જવાબદાર છે.
- આ ઉપરાંત તેને વિકાસ, જાળવણી અને વ્યવસ્થાપન માટેના અન્ય નાના પ્રોજેક્ટ્સની સાથે <u>નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ(NHDP)</u>ની જવાબદારી સોંપવામાં આવી છે.
- NHAI રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નેટવર્કને વૈશ્વિક ધોરણો અને ખર્ચ અસરકારક રીતે જાળવી રાખે છે અને લોકોની આર્થિક સુખાકારી અને જીવનની ગુણવત્તાને પ્રોત્સાહન આપે છે.

**નોંધ :** <u>નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (NHDP)</u> એ ભારતના મુખ્ય ધોરીમાર્ગોને ઉચ્ચ ધોરણમાં અપગ્રેડ, પુનર્વસન અને પહોળા કરવાનો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ <u>1998માં</u> શરૂ થયો હતો.




1. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર સુરીનામનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ગ્રાન્ડ ઓર્ડર ઓફ ધ યલો સ્ટાર' મેળવનાર પ્રથમ ભારતીય કોણ બન્યા છે ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(B) શ્રીમતી દ્રોપદી મુર્મુ
(C) શ્રી એસ. જયશંકર
(D) શ્રી રાજનાથ સિંહ

(B)

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'સુરીનામ' દેશ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સુરીનામ એ દક્ષિણ એમેરિકાના ઉત્તરપૂર્વીય કિનારે આવેલ એક નાનો દેશ છે.
2. સુરીનામ ગુયાના, બ્રાઝિલ અને ફ્રેન્ચ ગુયાનાથી ઘેરાયેલો છે.
3. તેની રાજધાની અને સૌથી મોટું શહેર બ્રાઉન્સવેગ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1
(D) 1, 2 અને 3

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ તાજેતરમાં નાણાકીય વર્ષ 2021-22 માટે તેનો પ્રથમ સસ્ટેનેબિલિટી રિપોર્ટ બહાર પાડયો છે. આ રિપોર્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અહેવાલ પર્યાવરણીય ટકાઉપણુ માટે NHAIની પ્રતિબદ્ધતા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના તેના પ્રયત્નોને પ્રકાશિત કરે છે.

(B) આ અહેવાલ અનુસાર નાણાકીય વર્ષ 2019-20થી 2021-22 સુધી સીધા ઉત્સર્જન અને બળતણના વપરાશમાં અનુક્રમે 18.44% અને 9.49% ઘટાડો કર્યો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

(C)

## દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ (World Day Against Child Labour)



સમગ્ર વિશ્વમાં બાળમજૂરીના વિરોધમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે 12 જૂનના રોજ 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organization) દ્વારા 12 જૂનને 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 12 જૂન, 2002 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2023ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ 'Social Justice For All. End child labour' છે.

નોંધ : (1) ભારતીય બંધારણના અનુચ્છેદ 24 અંતર્ગત બાળ મજૂરી પર પ્રતિબંધની જોગવાઈ છે.
(2) ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન અનુસાર આફ્રિકામાં વિશ્વમાં સૌથી વધુ બાળ મજૂરો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે દિલ્હીમાં પ્રથમ રાઉન્ડ ટેબલ સંયુક્ત બેઠક યોજાઇ



તાજેતરમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ઉદ્યોગ અને ઉદ્યોગ સંગઠનોની પ્રથમ રાઉન્ડ ટેબલ સંયુક્ત બેઠક નવી દિલ્હીમાં યોજાઈ હતી.

- આ બેઠકની સહ અધ્યક્ષતા, વાણિજ્ય વિભાગના અધિક સચિવ અને ન્યુઝીલેન્ડના ઉચ્ચ કમિશનર દ્વારા કરવામાં આવી હતી.
- આ બેઠકમાં ભારત અને ન્યુઝીલેન્ડ બંને દેશો વચ્ચેની ભાગીદારીમાં અપાર સંભાવનાઓ અને પરસ્પર હિતના ક્ષેત્રોમાં આર્થિક સંબંધોને પ્રોત્સાહન આપવા માટે સંકલનની જરૂરિયાત પર સંમત થયા હતા.
- આ ઉપરાંત બંને દેશોએ મુક્ત વ્યાપાર કરારોથી આગળ કામ કરવાની અને એકબીજાના પૂરક બની શકે તેવા ક્ષેત્રોની શોધ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.
- બંને દેશ વચ્ચેની પ્રથમ રાઉન્ડ ટેબલ સંયુક્ત બેઠકની ચર્ચા 1986 દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ સ્થાપિત સંયુક્ત વેપાર સમિતિ (JTC)ના ઉદ્દેશ્યોને આગળ વધારવા પર કેન્દ્રિત હતી.

- ભારત અને ન્યુઝીલેન્ડે <u>યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI)</u> સિસ્ટમની સુવિધા, વેપાર મુદ્દાઓનું સમયસર નિરાકરણ, વર્ક વિઝા અને બેન્કિંગ સંબંધો સુધારવા જેવા ક્ષેત્રોમાં સહકાર વધારવાનો નિર્ણય કર્યો છે.
- બંને દેશો વચ્ચે એર કનેક્ટિવિટી લિન્કસ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

## ભારત-ન્યુઝીલેન્ડ સંબંધો

<u>ભારત અને ન્યુઝીલેન્ડ</u> વચ્ચે ઐતિહાસિક રીતે નજીકના અને સૌહાદપૂર્ણ સંબંધો છે.

- કોમનવેલ્થની સદસ્યતા, સામાન્ય કાયદાની પ્રથાઓ અને બંને દેશોમાં વિવિધ સમુદાયો માટે લોકશાહી શાસન પ્રણાલી દ્વારા આર્થિક વિકાસ અને સમૃદ્ધિ હાંસલ કરવાની સહિયારી આકાંક્ષાઓને અનુસરવા જેવી સમાનતાઓ મૈત્રિપૂર્ણ સંબંધોને ગાઢ બનાવવા માટે ઉત્તમ પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે.
- ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે લાંબા સમયથી મૈત્રીપૂર્ણ સંબંધો છે.
- આ સંબંધો <u>1800ના</u> દાયકાના છે, જ્યારે ભારતીયો <u>1850ના દાયકા</u>માં ક્રાઈસ્ટ ચર્ચમાં સ્થાયી થયા હતા.
- 1890ના દાયકામાં <u>પંજાબ અને ગુજરાત</u>માંથી મોટી સંખ્યામાં વસાહતીઓ ન્યુઝીલેન્ડ આવ્યા હતા.
- આ ઉપરાંત <u>વર્ષ 1915</u>માં ગૈલિપોલીમાં એન્જકની સાથે ભારતીય સૈનિકો લડયા હતા.
- બંને દેશો એક જ વર્ષે સ્વતંત્ર થયા હતા અને ભારતનું રાજદ્વારી પ્રતિનિધિત્વ <u>1950</u>માં <u>ટ્રેડ કમિશનની શરૂઆત</u> સાથે સ્થપાયું હતું, જેને પાછળથી હાઈ કમિશન તરીકે અપડેટ કરવામાં આવ્યું હતું.
- ઓક્ટોબર, 2011માં સૂચિત કરાયેલ તેની <u>'Opening Doors to India'</u> નીતિમાં ન્યુઝીલેન્ડે ભારતને પ્રાથમિકતા ધરાવતા દેશ તરીકે ઓળખાવ્યું હતું, જેની 2015માં પુનઃ પૃષ્ટિ કરવામાં આવી હતી.
- કોવિડ-19 મહામારી દરમિયાન આવશ્યક ચીજવસ્તુઓ, દવાઓ અને રસીઓની સપ્લાય ચેઈનની સાતત્યતા સુનિશ્ચિત કરીને મહામારી સામેની લડાઈમાં વ્યાપકપણે દ્વિપક્ષીય રીતે સહકાર આપ્યો હતો.
- આ ઉપરાંત બંને દેશોએ કોવિડ-19ના પગલે બંને દેશોમાં ફસાયેલા એકબીજાના નાગરિકોને પરત લાવવામાં મદદ કરી હતી.
- <u>સપ્ટેમ્બર, 2020</u>ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન 1.80 બિલિયનના મૂલ્યના દ્વિપક્ષીય વેપાર સાથે ભારત ન્યુઝીલેન્ડનું 11મું સૌથી મોટું દ્વિ–માર્ગી વેપાર ભાગીદાર છે.
- <u>ભારત–ન્યુઝીલેન્ડ બિઝનેસ કાઉન્સિલ (INZBC)</u> અને <u>ઈન્ડિયા ન્યુઝીલેન્ડ બિઝનેસ એલાયન્સ (INZTA)</u> એ બે મુખ્ય સંસ્થાઓ છે જે ભારત–ન્યુઝીલેન્ડ વેપાર અને રોકાણ સંબંધોને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે.
- એક આંકડા મુજબ ન્યુઝીલેન્ડમાં 2,50,000 ભારતીય મૂળના વ્યક્તિઓ અને NRI છે, જેમાંથી મોટા ભાગનાએ ન્યુઝીલેન્ડને તેમનું કાયમી રહેઠાણ બનાવ્યું છે.
- આ ઉપરાંત તમામ ભારતીય તહેવારો ન્યુઝીલેન્ડમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

## ન્યુઝીલેન્ડ

ન્યુઝીલેન્ડ દક્ષિણ–પશ્ચિમ મહાસાગરમાં ટાપુ દેશ છે.

- તે મુખ્યત્વે બે ટાપુ ધરાવે છે. – નોર્થ આઈલેન્ડ અને દક્ષિણ આઈલેન્ડ.
- ન્યુઝીલેન્ડની રાજધાની વેલિંગ્ટન છે તથા સૌથી મોટું શહેર ઓકલેન્ડ છે.
- અંગ્રેજી અને માઓરી તેની સત્તાવર ભાષાઓ છે. તથા તેનું ચલણ ન્યુઝીલેન્ડ ડોલર છે.
- રંગીતાઈકી, ક્લુર્થા, વાઈકોટા, વાંગનુઈ, મનાવતુ, બુલર, રકૈયા અને વાઈતાકી ન્યુઝીલેન્ડની મુખ્ય નદીઓ છે.
- તેનું સૌથી ઊંચુ પર્વત શિખર માઉન્ટ કૂક છે. જેને માઓરી લોકો દ્વારા 'ક્લાઉડ પિયર્સર' કહેવામાં આવે છે.

## મિશન ઓન એડવાન્સ એન્ડ હાઈ-ઈમ્પેક્ટ રિસર્ચ




તાજેતરમાં ઊર્જા મંત્રાલય અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે સંયુકત રીતે 'મિશન ઓન એડવાન્સ એન્ડ હાઈ–ઈમ્પેક્ટ રિસર્ચ' (MAHIR) નામનું રાષ્ટ્રીય મિશન શરૂ કર્યુ છે.

- વર્ષ 2023-24 થી વર્ષ 2027-28ના પાંચ વર્ષના પ્રારંભિક સમયગાળા માટે આ યોજના હેઠળ એક વિચારને ઉત્પાદનમાં રૂપાંતરિત કરવા માટે ટેક્નોલોજી જીવન ચક્ર અભિગમનો ઉપયોગ કરવામાં આવશે.

## મિશન ઓન એડવાન્સ હાઈ-ઈમ્પેકટ રિસર્ચ

રાષ્ટ્રીય મિશન 'મિશન ઓન એડવાન્સ એન્ડ હાઈ–ઈમ્પેક્ટ રિસર્ચ' (MAHIR)ના મુખ્ય ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) વૈશ્વિક ઊર્જા ક્ષેત્ર માટે ઉભરતી તકનીકો અને ભાવિ સુસંગતતાના ક્ષેત્રોને ઓળખવા અને સંબંધિત તકનીકોના સ્વદેશી વિકાસની શરૂઆત કરવી.

(b) પાવર સેકટરના હિસ્સેદારોને સામૂહિક મંથન, સિનર્જિસ્ટિક ટેક્નોલોજી ડેવલપમેન્ટ અને ટેક્નોલોજીના સરળ ટ્રાન્સફરનો માર્ગ મોકળો કરવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડવું.

(c) સ્વદેશી ટેક્નોલોજીના પાયલટ પ્રોજેક્ટને સમર્થન આપવું અને તેમના વ્યાપારીકરણને સુવિધા આપવી.

(d) અદ્યતન તકનીકોના સંશોધન અને વિકાસને વેગ આપવા અને દ્વિપક્ષીય અથવા બહુપક્ષીય સહયોગ દ્વારા સક્ષમતા, ક્ષમતાઓ અને અદ્યતન તકનીકો સુધી પહોંચવા માટે જ્ઞાન અને તકનીકી સ્થળાંતરણને સરળ બનાવવા માટે વિદેશી જોડાણો અને ભાગીદારીનો લાભ લેવો.

(e) પાવર સિસ્ટમને લગતી ટેક્નોલોજી અને એપ્લિકેશનના વિકાસની દષ્ટિએ દેશને અગ્રણી દેશોમાંનો એક બનાવવો.

## ધિરાણ (Financing)

આ મિશન બે મંત્રાલયો <u>વિદ્યુત મંત્રાલય</u>, <u>નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય</u> હેઠળ તથા સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસના નાણાકીય સંસાધનોને એકીકૃત કરીને ધિરાણ કરવામાં આવે છે.

- વધારાના ભંડોળની જરૂરિયાતના કિસ્સામાં તે ભારત સરકારના અંદાજપત્રીય સંશાધનોમાંથી એકત્રિત કરવામાં આવશે.

## MAHIR હેઠળ સંશોધન માટે ઓળખાયેલ વિસ્તારો

(1) લિથિયમ – આયન સ્ટોરેજ બેટરી વિકલ્પો

(2) ભારતીય રસોઈ પદ્ધતિને અનુરૂપ ઈલેક્ટ્રિક કૂકર/પેનમાં ફેરફાર કરવો.

(3) ગતિશીલતા માટે ગ્રીન હાઈડ્રોજન

(4) કાર્બન શોષણ અથવા કાર્બન કેપ્ચર

(5) જિયોથર્મલ ઊર્જા

(6) સોલિડ સ્ટેટ રેફ્રિજરેશન

(7) EV બેટરી માટે નેનો ટેક્નોલોજી

(8) સ્વદેશી CRGO ટેક્નોલોજી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## માળખું

તે એક દ્વિ–સ્તરીય માળખું છે જેમાં ટેક્નિકલ વર્ટિકલ કમિટી (ટેક્નિકલ કાર્યક્ષેત્ર સમિતિ) અને એપેક્સ કમિટી (સર્વોચ્ચ સમિતિ)નો સમાવેશ થાય છે.

## સર્વોચ્ચ સમિતિ

તે ટેક્નોલોજી અને ઉત્પાદન વિકાસની ચર્ચા કરતી સંશોધન દરખાસ્તોને મંજૂરી આપે છે આંતરરાષ્ટ્રીય સહયોગ પણ પૂરો પાડે છે.

- સર્વોચ્ચ સમિતિ આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રદાન કરતી તમામ સંશોધન દરખાસ્તો પ્રોજેક્ટોની અંતિમ મંજૂરી સર્વોચ્ચ સમિતિ દ્વારા આપવામાં આવશે.
- તેનું નેતૃત્વ <u>કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી</u> કરે છે.

## ટેક્નિકલ વર્ટિકલ કમિટી

તે સંશોધનને ઓળખે છે, સંભવિત તક્નીકોની ભલામણ કરે છે અને મંજૂર સંશોધન પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરે છે.

- તેનું નેતૃત્વ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના અધ્યક્ષ કરે છે.
- સેન્ટ્રલ પાવર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CPRI), બેંગ્લોર 'સર્વોચ્ચ સમિતિ અને ટેક્નિકલ વર્ટિકલ કમિટી'ને જરૂરી સક્રેટરિયલ સહાય પૂરી પાડશે.

## મહત્ત્વ

દેશની અંદર અદ્યતન તકનીકોનો વિકાસ કરીને ભારત આયાત પર તેની નિર્ભરતા ઘટાડી શકે છે, આત્મનિર્ભરતા વધારી શકે છે અને સ્થાનિક નવીનતા અને ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન આપી શકે છે.

- તે 'મેક ઈન ઈન્ડિયા' પહેલ સાથે સંરેખિત છે અને સ્વદેશી ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોના વિકાસમાં ફાળો આપે છે.
- MAHIR સ્વચ્છ અને ગ્રીન ઊર્જા સ્ત્રોતો, ઊર્જા સંગ્રહ ઉકેલો અને કાર્બન કેપ્ચર તકનીકોને અપનાવવામાં મદદ કરી શકે છે.
- તે આબોહવા પરિવર્તનનો સામનો કરવા અને ટકાઉ ઊર્જા ભવિષ્ય તરફ ગતિ વધારવાની ભારતની પ્રતિબદ્ધતામાં ફાળો આપે છે.
- MAHIRનો હેતુ ભારતને અદ્યતન પાવર ટેક્નોલોજી માટે ઉત્પાદન હબ બનાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** ‘વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 જૂન (B) 11 જૂન (C) 12 જૂન (D) 13 જૂન **(C)**

**2.** વર્ષ 2023ની ‘વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન’ની થીમ શું છે ?

(A) Protect Children From Corona, now more than ever.

(B) Social Justice For All. End Child Labour

(C) Universal, Social Protection to end Child Labour

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહી **(B)**

**3.** સમગ્ર વિશ્વમાં ‘વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન’ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો છે ?

(A) 2000 (B) 2001 (C) 2002 (D) 2003 **(C)**

**4.** તાજેતરમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે કયા શહેરમાં પ્રથમ રાઉન્ડ ટેબલ સંયુક્ત બેઠક યોજાઈ હતી ?

(A) દિલ્હી (B) મુંબઈ (C) વેલિંગ્ટન (D) ઓકલેન્ડ **(A)**

**5.** 'MAHIR' શબ્દ વારંવાર સમાચારમાં જોવા મળે છે. તે શેના સંબંધિત છે ?

(A) કૌશલ્ય વિકાસ મિશન (B) ઉચ્ચ શિક્ષણ મિશન

(C) માલવેર વાયરસ (D) સંશોધન મિશન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## દિવસ મહિમા : 13 જૂન, આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃત્તિ દિવસ (International Albinism Awareness Day)

યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 13 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃત્તિ' દિવસનું આયોજન કરવામાં આવે છે.




- આ દિવસનો ઉદ્દેશ લોકોને આલ્બિનિઝમ અથવા રંગ અંધત્વ વિશે જાગૃત્ત કરવાનો અને રંગ અંધત્વથી પીડિત લોકોના માનવ અધિકારો વિશે જાગૃત્તિ ફેલાવવાનો છે.
- નોંધનીય છે કે 18 ડિસેમ્બર, 2014ના રોજ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વિશ્વમાં આલ્બિનિઝમ ધરાવતા લોકો દ્વારા થતા ભેદભાવ સામે જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે 13 જૂનને 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃત્તિ દિવસ' તરીકે જાહેર કર્યો હતો.
- આલ્બિનિઝમ જન્મ સમયે હાજર એક દુર્લભ અને આનુવંશિક રીતે વારસાગત રોગ છે. તથા તે એક બિનચેપી રોગ પણ છે.
- તે માનવ શરીરમાં મેલેનિનના ઉત્પાદનમાં સામેલ એન્ઝાઈમના અભાવને કારણે ત્વચા, વાળ અને આંખોમાં રંગદ્રવ્ય અથવા રંગની સંપૂર્ણ અથવા આંશિક અભાવ દ્વારા ચિહ્નિત થયેલ જન્મજાત વિકૃતિ છે.
- આલ્બિનિઝમ ધરાવતા લગભગ તમામ લોકો દૃષ્ટિની ક્ષતિ ધરાવતા હોય છે અને તેમને ત્વચાનું કેન્સર થવાનું જોખમ વધારે હોય છે.

## FSSAI 'State Food Safety Index 2022-23'

વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ની આગેવાની હેઠળ પાંચમો 'State Food Safety Index' (રાજ્ય અન્ન સુરક્ષા સૂચકાંક) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના 6 માપદંડના આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જુદી–જુદી 3 કેટેગરીમાં રેન્ક આપવામાં આવ્યો છે.
- જેમાં ભારતના મોટા રાજ્યોની કેટેગરીમાં કુલ 100માંથી 63ના સ્કોર સાથે કેરળ પ્રથમ ક્રમાંકે છે.
- કેરળ બાદ પંજાબ બીજા અને તમિલનાડુ ત્રીજા ક્રમે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## State Food Safety Index 2022-23માં ભારતના 20 મોટા રાજ્યોને રેન્ક

| Rank | State |
|---|---|
| 1 | કેરળ |
| 2 | પંજાબ |
| 3 | તમિલનાડુ |
| 4 | મધ્યપ્રદેશ |
| 5 | ઉત્તરપ્રદેશ |
| 6 | ગુજરાત |

## ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ ક્રમે છે.

- ત્યારબાદ મણિપુર બીજા અને સિક્કિમ ત્રીજા ક્રમાંકે છે.

## State Food Safety Index 2022-23માં ભારતના 8 નાના રાજ્યનો રેન્ક

| Rank | State |
|---|---|
| 1 | ગોવા |
| 2 | મણિપુર |
| 3 | સિક્કિમ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમ્મુ-કાશ્મીર પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમ્મુ અને કાશ્મીર પ્રથમ ક્રમે છે.

- ત્યારબાદ દિલ્હી બીજા અને ચંદીગઢ ત્રીજા ક્રમાંકે છે.

## State Food Safety Index 2022-23માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોના રેન્ક

| Rank | Union Territories |
|---|---|
| 1 | જમ્મુ અને કાશ્મીર |
| 2 | દિલ્હી |
| 3 | ચંદીગઢ |

## ઈન્ડેક્સના માપદંડ

આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના નીચેના 6 માપદંડોમાં પ્રદર્શનના આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્ક આપવામાં આવ્યો છે :

| ક્રમ | માપદંડ | વેઈટેજ |
|---|---|---|
| 1 | માનવ સંસાધન અને સંસ્થાકીય ડેટા | 18% |
| 2 | અનુપાલન | 28% |
| 3 | ફૂડ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર | 17% |
| 4 | તાલીમ અને ક્ષમતા નિર્માણ | 8% |
| 5 | ગ્રાહક સશક્તિકરણ | 19% |
| 6 | SFSI રેન્કમાં સુધારો | 10% |

## ઈન્ડેક્સનો પ્રારંભ

ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગતના 'Food Safety and Standards Authority of India' (FSSAI) દ્વારા ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- ભારતમાં 7 જૂન, 2019ને પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' (World Food Safety Day)ના રોજ આ ઈન્ડેક્સનો પ્રારંભ થયો હતો.

નોંધ: (1) 'Food Safety' શબ્દ માટે ગુજરાતીમાં 'અન્ન સુરક્ષા' ઉપરાંત 'ખાદ્ય સુરક્ષા' અને 'ખોરાક સુરક્ષા' જેવા શબ્દનો પ્રયોગ થાય છે.

(2) આ અગાઉ વર્ષ 2021-22ના ઈન્ડેક્સમાં ગુજરાત બીજા ક્રમે અને 2020-21ના ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે હતું.

(3) સમગ્ર દેશમાં ખાદ્ય ગુણવત્તાના ધોરણોને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ જાહેરાત કરી કે FSSAI આગામી ત્રણ વર્ષમાં 25 લાખ ફૂડ બિઝનેસ ઓપરેટરોને તાલીમ આપશે.

## FSSAI

FSSAIનું પૂરું નામ 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' છે.

- FSSAIની સ્થાપના ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, 2006 હેઠળ કરવામાં આવી છે. જે ભારતમાં ખાદ્ય સુરક્ષા અને નિયમન સંબંધિત એકીકૃત કાયદો છે.
- આથી, FSSAI એક વૈધાનિક સંસ્થા છે.
- ભારત સરકારનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય એ FSSAIનું વહીવટી મંત્રાલય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેનું મુખ્યમથક <u>દિલ્હી</u> ખાતે આવેલું છે.
- FSSAI ખાદ્ય સુરક્ષાના નિયમન અને દેખરેખ દ્વારા જાહેર આરોગ્યના રક્ષણ અને પ્રોત્સાહન માટે જવાબદાર છે.
- FSSAIના કાર્યો નીચે મુજબ છે :

(a) ખાદ્ય સુરક્ષાના ધોરણો અને દિશાનિર્દેશો મૂકવા માટે નિયમોની રચના.

(b) FSSAI ફૂડ સેફટી લાયસન્સ અને ખાદ્ય વ્યવસાયો માટે પ્રમાણપત્ર આપવું.

(c) ખાદ્ય વ્યવસાયોમાં પ્રયોગશાળાઓ માટેની પ્રક્રિયા અને માર્ગદર્શિકા મૂકવી.

(d) કેન્દ્ર સરકારને વૈજ્ઞાનિક સલાહ અને તકનીકી સહાય પૂરી પાડવી.

(e) ખાદ્ય સુરક્ષા વિશે સમગ્ર દેશમાં માહિતી નેટવર્ક બનાવવું.

(f) ખાદ્ય સુરક્ષા અને ખાદ્ય ધોરણો વિશે સામાન્ય જાગૃતિને પ્રોત્સાહન આપવું.

(g) ખાદ્ય વપરાશ, દૂષણ, ઉભરતા જોખમો વગેરે સંબંધિત ડેટા એકત્રિત કરવા.

**નોંધ:** (1) FSSAIમાં <u>એક અધ્યક્ષ</u> અને <u>બાવીસ સભ્યોનો</u> સમાવેશ થાય છે. જેમાંથી <u>એક તૃતિયાંશ મહિલાઓ</u> હોય છે.

(2) FSSAIના અધ્યક્ષની નિમણૂક <u>કેન્દ્ર સરકાર</u> દ્વારા કરવામાં આવે છે.

## ICC World Test Championship 2021-2023 : ઓસ્ટ્રેલિયાનો વિજય




ICC દ્વારા <u>4 ઓગસ્ટ 2021 થી 11 જૂન 2023</u> દરમિયાન <u>'ICC World Test Championship 2021-2023' (WTC-2021-23)</u>નું આયોજન કરવામાં આવ્યું હતું.

- ICC દ્વારા યોજનાર આ <u>બીજો ટેસ્ટ વર્લ્ડ કપ</u> અથવા તો <u>ટેસ્ટ ચેમ્પિયનશિપ</u> છે.
- આ ICC ટેસ્ટ ચેમ્પિયનશિપ અથવા ટેસ્ટ વર્લ્ડકપમાં ભારતને પરાજય આપીને <u>ઓસ્ટ્રેલિયા</u>એ આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચ <u>ભારત અને ઓસ્ટ્રેલિયા</u> વચ્ચે ઈંગ્લેન્ડમાં લંડન ખાતે આવેલા પ્રસિદ્ધ <u>ધ ઓવલ</u> મેદાનમાં રમાઈ હતી.
- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં <u>શ્રી ટ્રેવિસ હેડ</u> <u>'પ્લેયર ઓફ ધ મેચ'</u> બન્યા હતા.

## ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2021-2023ની કેટલીક મહત્ત્વની બાબતો

ICC દ્વારા યોજનાર આ બીજો ટેસ્ટ વર્લ્ડ કપ અથવા તો ટેસ્ટ ચેમ્પિયનશિપ છે.

- આ બીજા ટેસ્ટ વર્લ્ડ કપનું આયોજન 4 ઓગસ્ટ 2021થી 11 જૂન 2023 દરમિયાન થયું હતું.
- આ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત સહિત 9 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાની ટીમનો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે ICCના ત્રણ સંપૂર્ણ સભ્યો અફઘાનિસ્તાન, આયર્લેન્ડ અને ઝિમ્બાબ્વેએ ભાગ લીધો ન હતો.
- આ બીજી ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતની પ્રથમ મેચ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઓગસ્ટ 2021માં યોજાઈ હતી.
- વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2021-23માં સૌથી વધુ 1915 રન ઈંગ્લેન્ડના શ્રી જો રૂટએ ફટકાર્યા હતા.
- જ્યારે આ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ 88 વિકેટ ઓસ્ટ્રેલિયાના ખેલાડી શ્રી નાથન લિયોનએ ઝડપી હતી.
- આ ચેમ્પિયન ટીમ ઓસ્ટ્રેલિયાના કેપ્ટનનું નામ શ્રી પેટ કમિન્સ હતું જ્યારે ભારતના કેપ્ટન શ્રી રોહિત શર્મા હતા.

### ICC WTC 2021-23માં ઈનામની રકમ

| ક્રમ | વિશેષતા | ઈનામની રકમ |
|---|---|---|
| 1 | ટેસ્ટ ચેમ્પિયનશિપ વિજેતા ટીમ | 1.6 મિલિયન ડોલર |
| 2 | ઉપ વિજેતા ટીમ | 8 લાખ ડોલર |
| 3 | ત્રીજું સ્થાન પ્રાપ્ત કરનાર ટીમ | 4,50,000 ડોલર |
| 4 | ચોથું સ્થાન પ્રાપ્ત કરનાર ટીમ | 3,50,000 ડોલર |

**નોંધ :** પ્રથમ સ્થાને ઓસ્ટ્રેલિયા, બીજા સ્થાને ભારત, ત્રીજા સ્થાને દક્ષિણ આફ્રિકા અને ચોથા સ્થાને ઈંગ્લેન્ડની ટીમ છે.

## ટેસ્ટ ક્રિકેટ

વિશ્વમાં ઈન્ટરનેશનલ ક્રિકેટનો પ્રારંભ ટેસ્ટ ક્રિકેટથી જ થયો હતો.

- આ અંતર્ગત પ્રથમ ઓફિશિયલ ઈન્ટરનેશનલ ટેસ્ટ મેચ 15 અને 19 માર્ચ, 1877ના રોજ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
- ત્યારબાદ પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો પ્રારંભ 2019 થી 2021 દરમિયાન થયો હતો.
- પ્રથમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અથવા ટેસ્ટ વર્લ્ડ કપ ન્યુઝીલેન્ડે જીતી હતી.
- હવે પછી ત્રીજો ICC ટેસ્ટ વર્લ્ડ કપ 2023-2025 દરમિયાન યોજાશે.

## ICC

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન 'International Cricket Council (ICC) દ્વારા કરવામાં આવે છે.

- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'Cricket For Good' છે.
- ICCના ફૂલ ટાઈમના સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે.
- ICCના વર્તમાન ચેરમેન શ્રી ગ્રેગ બાર્કલે છે. (જૂન, 2023ની સ્થિતિએ)

## ભારતીય મૂળના વૈજ્ઞાનિક સુશ્રી જોયિતા ગુપ્તાએ સ્પિનોઝા પુરસ્કાર જીત્યો



તાજેતરમાં ભારતીય મૂળના વૈજ્ઞાનિક સુશ્રી જોયિતા ગુપ્તાને પ્રતિષ્ઠિત 'સ્પિનોઝા પુરસ્કાર' (Spinoza Prize) એનાયત કરવામાં આવ્યો છે.

- વિજ્ઞાનમાં તેમના નોંધપાત્ર યોગદાન તથા ન્યાયી અને ટકાઉ વિશ્વ બનાવવાની તેમની પ્રતિબદ્ધતા માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે.
- તેઓ એમ્સ્ટર્ડમ યુનિવર્સિટીમાં ગ્લોબલ સાઉથમાં પર્યાવરણ અને વિકાસના પ્રોફેસર છે.
- સ્પિનોઝા પુરસ્કારને વ્યાપકપણે ડચ વિજ્ઞાનમાં સર્વોચ્ચ સન્માન તરીકે ગણવામાં આવે છે.
- તે ઉત્કૃષ્ટ સંશોધકોનું સન્માન કરે છે જેમણે તેમના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.
- આ પુરસ્કાર ડચ નોબેલ પુરસ્કાર તરીકે પણ ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

તમામ સ્પર્ધાત્મક પરીક્ષાની LATEST UPDATE માટે અમારા WHATSAPP GROUP ને જોઈન કરો
JOIN OUR WHATSAPP GROUP joinicerajkot.com

| | | |
|---|---|---|
| 1. | યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે કયા દિવસના રોજ 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 13 જૂન (B) 14 જૂન (C) 15 જૂન (D) 16 જૂન | (A) |
| 2. | FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ 2022-23'માં ભારતના મોટા રાજ્યોની કેટેગરીમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?<br>(A) ગુજરાત (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) કેરળ | (D) |
| 3. | FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ 2022-23'માં ભારતના નાના રાજ્યોની કેટેગરીમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?<br>(A) મણિપુર (B) સિક્કિમ (C) ગોવા (D) મેઘાલય | (C) |
| 4. | FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ 2022-23'માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોની કેટેગરીમાં પ્રથમ ક્રમે કયો પ્રદેશ છે ?<br>(A) જમ્મુ અને કાશ્મીર (B) લદ્દાખ<br>(C) દિલ્હી (D) ચંદીગઢ | (A) |
| 5. | તાજેતરમાં કેટલામો ટેસ્ટ વર્લ્ડ કપ અથવા ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (2021-23) યોજાઈ હતી ?<br>(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી | (B) |
| 6. | તાજેતરમાં બીજો ટેસ્ટ વર્લ્ડ કપ અથવા ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (2021-23) કોણે જીત્યો છે.<br>(A) ભારત (B) ન્યુઝીલેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) ઈંગ્લેન્ડ | (C) |
| 7. | તાજેતરમાં ભારતીય મૂળના કયા વૈજ્ઞાનિકને 'સ્પિનોઝા પુરસ્કાર' (Spinoza Prize) એનાયત કરવામાં આવ્યો છે ?<br>(A) સુશ્રી ગીતા ગોપિનાથ (B) સુશ્રી જોયિતા ગુપ્તા<br>(C) સુશ્રી નીલિમા કડિયાલા (D) ડો. ઈન્દ્રાણી શર્મા | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ અથવા તો વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ (World Blood Donor Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ **2005** થી થયો હતો.
- સલામત રક્ત અને રક્ત ઉત્પાદનો અંગે જાગૃતિ લાવવા માટે તથા સ્વૈચ્છિક રીતે રક્તદાન કરનાર દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીને તેમને આ કાર્ય માટે પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 'વિશ્વ રક્તદાન દિવસ' વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા ચલાવવામાં આવતા આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનોમાનું એક છે.
- આ આઠ અભિયાનોમાં વિશ્વ રક્તદાન દિવસ ઉપરાંત વિશ્વ તમાકુ વિરોધ દિન, વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક, વિશ્વ મેલેરિયા દિવસ, વર્લ્ડ હેપેટાઈટિસ ડે, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ આરોગ્ય દિવસ અને વિશ્વ ક્ષય રોગ દિવસનો સમાવેશ થાય છે.
- વર્ષ 2023ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ **'Give Blood, Give Plasma, Share Life, Share Often'** છે.

**નોંધ:** (1) પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરની યાદમાં તેમની જન્મ તારીખ 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મ 14 જૂન, 1868ના રોજ થયો હતો.

(3) તેમણે ઈ.સ. 1901માં A, B અને O બ્લડ ગ્રુપની શોધ કરી હતી. અને તેમની આ શોધ માટે તેમને 1930માં નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય ગૌરવ પુરસ્કાર-2022 અને યુવા ગૌરવ પુરસ્કાર 2022

તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2022ના 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' અને 'યુવા ગૌરવ પુરસ્કાર'ની જાહેરાત કરવામાં આવી છે.

- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2022ના 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' માટે પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી હરીશ મીનાશ્રુની પસંદગી કરવામાં આવી છે.
- જ્યારે વર્ષ 2022ના 'યુવા ગૌરવ પુરસ્કાર' માટે શ્રી લલિત ખંભાયતાની પસંદગી કરવામાં આવી છે.
- ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાના નેતૃત્વમાં મળેલ કાર્યવાહી સમિતિની બેઠકમાં આ પુરસ્કારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા.


નોંધ: (1) હિન્દી સાહિત્ય અકાદમી ગૌરવ પુરસ્કાર 2021 ડો. મફતલાલ પટેલને એનાયત થયો છે.

(2) તથા વર્ષ 2021નો કચ્છી સાહિત્ય અકાદમી ગૌરવ પુરસ્કાર શ્રી પબુભાઈ ગઢવી અને વર્ષ 2022 માટે શ્રી મદનકુમાર અંજારિયાની પસંદગી કરવામાં આવી છે.

(3) જ્યારે કચ્છી સાહિત્ય અકાદમી યુવા ગૌરવ પુરસ્કાર 2021 માટે સુશ્રી દક્ષા જી. મહેશ્વરી અને વર્ષ 2022 માટે સુશ્રી નયના આર. ચારણીયાની પસંદગી કરવામાં આવી છે.

### શ્રી હરીશ મીનાશ્રુ

- જન્મ : 3 જાન્યુઆરી, 1953
- જન્મ સ્થળ : આણંદ
- તખલ્લુસ : હરીશ મીનાશ્રુ
- મૂળનામ : હરીશ કૃષ્ણરામ દવે



- શ્રી હરીશ કૃષ્ણરામ દવેનો જન્મ 3 જાન્યુઆરી, 1953ના રોજ આણંદ ખાતે થયો હતો.
- તેઓ શ્રી હરીશ મીનાશ્રુના નામથી જાણીતા છે.
- શ્રી હરીશ મીનાશ્રુ આધુનિક ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ કવિ છે.
- તેમની કવિતાઓનો હિન્દી, મલયાલમ, કન્નડ, મરાઠી, અંગ્રેજી અને જર્મન એમ વિવિધ ભાષાઓમાં અનુવાદ થયો છે.
- 'ચાડિયાનું દુકાળગીત' એ શ્રી હરીશ મીનાશ્રુની પ્રથમ કવિતા છે. 1974માં પાંચમાં ધોરણમાં આ કવિતા લખી હતી.
- તેમના કાવ્યસંગ્રહ 'બનારસ ડાયરી' માટે તેમને વર્ષ 2020નો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો.

**➤ હરીશ મીનાશ્રુની કૃતિઓ :**

⇛ **ગઝલસંગ્રહ** : દ્વિબાંગસુંદર એણીપેર ડોલ્યા (પ્રથમ કાવ્યસંગ્રહ), તાંદુલ, તાંબૂલ, પર્જન્યસૂક્ત, સુનો ભાઈ સાધો, પદપ્રાંજલિ, પંખીપદારથ, શબદમાં જિનકું ખાસ ખબરાં પડી, બનારસ ડાયરી, નાચિકેત સૂત્ર

⇛ **સંપાદન** : નખશિખ, શેષ–વિશેષ

⇛ **અનુવાદ** : દેશાટન, હંપીના ખડકો

⇛ **એવોર્ડ** : (1) તખ્તસિંહજી પરમાર પારિતોષિક – 1988-89 (દ્વિબાંગસુંદર એણીપેર ડોલ્યા માટે)
(2) કલાપી એવોર્ડ – 2010
(3) વલી ગુજરાતી ગઝલ એવોર્ડ – 2012
(4) નરસિંહ મહેતા એવોર્ડ – 2014
(5) સાહિત્ય અકાદમી પુરસ્કાર – 2020 (બનારસ ડાયરી માટે)

## સાહિત્ય ગૌરવ પુરસ્કાર

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દુ અને કચ્છી એમ કુલ છ ભાષામાં મહત્વનું પ્રદાન કરનાર મૂર્ધન્ય (એટલે કે ટોચના) સાહિત્યકારોને 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવે છે.

- આ અંતર્ગત ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે શ્રી હરીશ મીનાશ્રુને વર્ષ 2022નો આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતા સાહિત્યકારને એક પ્રતિમા, શાલ અને રૂ.1 લાખ રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે.
- વર્ષ 1983માં સૌપ્રથમ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

નોંધ : (1) વર્ષ 1985માં શ્રી ઉમાશંકર જોષીને આ પુરસ્કાર એનાયત થયો હતો, પરંતુ તેમણે આ પુરસ્કાર સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.
(2) વર્ષ 2021નો શ્રી મોહનભાઈ પરમારને આ પુરસ્કાર એનાયત થયો હતો.

## યુવા ગૌરવ પુરસ્કાર

યુવા ગૌરવ પુરસ્કાર 'ગુજરાતી સાહિત્ય અકાદમી' દ્વારા ગુજરાતી લેખકોને અપાતો સાહિત્યનો પુરસ્કાર છે.

- આ પુરસ્કારની સ્થાપના વર્ષ 2007માં યુવાન ગુજરાતી લેખકોને પ્રોત્સાહન આપવા માટે થઈ હતી.
- યુવા ગૌરવ પુરસ્કારમાં પ્રમાણપત્ર, શાલ અને રૂ.50,000ની રોકડ રકમ એનાયત કરવામાં આવે છે.

નોંધ : (1) વર્ષ 2007માં સૌપ્રથમ શ્રી સૌમ્ય જોષીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
(2) વર્ષ 2021નો યુવા ગૌરવ પુરસ્કાર શ્રી રામ મોરીને એનાયત થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું પ્રથમ ડાયમિથાઈલ ઈથર ઈંધણ સંચાલિત ટ્રેક્ટર




તાજેતરમાં IIT કાનપુરે તમામ પ્રકારના રસ્તાઓ પર કામગીરી માટે ભારતનું પ્રથમ 100% ડાયમિથાઈલ ઈથર (DME) સંચાલિત ટ્રેક્ટર/વાહન વિકસાવ્યું છે.

- જે સ્ટાન્ડર્ડ ડીઝલ એન્જિનો કરતા વધુ થર્મલ કાર્યક્ષમતા ધરાવે છે અને તે ઘણું ઓછું પ્રદૂષણ પણ પેદા કરે છે.
- સંશોધનને સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ રિસર્ચ બોર્ડ (SERB) દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (DST)નો એક ભાગ છે.
- આ પ્રોજેક્ટ નીતિ આયોગના 'મેથેનોલ ઈકોનોમી' પ્રોગ્રામ સાથે જોડાયેલા છે. જેનો ઉદ્દેશ્ય ભારતના તેલ આયાત બિલ અને ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાનો છે.

### ડાયમિથાઈલ ઈથર ઈંધણ સંબંધિત મુખ્ય મુદ્દાઓ

તે કૃત્રિમ રીતે ઉત્પાદિત વૈકલ્પિક બળતણ છે જેનો સીધો ઉપયોગ વિવિધ હેતુઓ માટે ખાસ ડિઝાઈન કરેલા કોમ્પ્રેસ્ડ ઈગ્નીશન ડીઝલ એન્જિનમાં કરી શકાય છે.

- તે ક્રૂડ ઓઈલનો રિન્યુએબલ વિકલ્પ છે.
- યુએસએ, ચીન, ડેનમાર્ક, જાપાન, સ્વીડન સહિતના ઘણા દેશોએ પહેલેથી જ તેમના વાહનો માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે.
- ડાયમિથાઈલ ઈથર એ સામાન્ય વાતાવરણીય પરિસ્થિતિઓમાં રંગહીન ગેસ છે.
- તે પરંપરાગત ઈંધણ સાથે તેની થર્મલ કાર્યક્ષમતામાં તુલનાત્મક કેલરીફિક મૂલ્ય અને સમાનતા દર્શાવે છે. તે ઓછા ઉત્સર્જન અને ઓછા રજકણો સાથે પ્રજ્વલનશીલ ઈંધણ છે.
- તે રાસાયણિક ઉદ્યોગમાં અને દ્રાવક, બળતણ અને રેફ્રિજન્ટ તરીકે વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે.
- તેનો ઉપયોગ ઓઝોન–અવક્ષય કરનારા ક્લોરોફ્લોરો કાર્બન (CFC)ને બદલવા માટે ઓઝોન–ફ્રેન્ડોલી એરોસોલ પ્રોપેલન્ટ તરીકે પહેલેથી જ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ રક્તદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 જૂન (B) 12 જૂન (C) 13 જૂન (D) 14 જૂન **(D)**

2. વર્ષ 2023ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ શું છે ?
   (A) Give Blood, Give Plasma, Share Life, Share Often.
   (B) Doneting blood is an Act of Solidarity. Join the effort and save lives.
   (C) Safe blood, Save lives
   (D) Give blood, Give Now, Give often **(A)**

3. કયા પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનો જન્મદિન 14 જૂન 'વિશ્વ રક્તદાન દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) શ્રી ટીમોથી બર્નર્સલી (B) શ્રી જેમ્સ વોટ્સન
   (C) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર (D) શ્રી એલન ગ્રુથ **(C)**

4. A, B અને O બ્લડ ગ્રુપના શોધકનું નામ શું છે ?
   (A) શ્રી ટીમોથી ચાર્લ્સ લી (B) શ્રી કાર્લ મેકમાસ્ટર
   (C) શ્રી એલેન હ્યુજ (D) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર **(D)**

5. તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2022ના 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' માટે કોની પસંદગી કરવામાં આવી છે ?
   (A) શ્રી ચંદ્રકાંત પંડયા (B) શ્રી હરીશ મીનાશ્રુ
   (C) શ્રી મનોહર ત્રિવેદી (D) શ્રી કિશોર મકવાણા **(B)**

6. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યના કવિ શ્રી હરીશ મીનાશ્રુનું જન્મ સ્થળ જણાવો ?
   (A) આણંદ (B) નવસારી (C) પાટણ (D) ઈડર **(A)**

7. તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2022ના 'યુવા ગૌરવ પુરસ્કાર' માટે કોની પસંદગી કરવામાં આવી છે ?
   (A) શ્રી સાગર શાહ (B) શ્રી જીગર જોષી
   (C) શ્રી ગિરિશ પરમાર (D) શ્રી લલિત ખંભાયતા **(D)**

8. તાજેતરમાં ..............એ તમામ પ્રકારના રસ્તાઓ પર કામગીરી માટે ભારતનું પ્રથમ 100% ડાયમિથાઈલ ઈથર (DME) સંચાલિત ટ્રેક્ટર વિકસાવ્યું છે.
   (A) IIT, કાનપુર (B) IIT, મદ્રાસ (C) IIT, બેંગ્લોર (D) IIT, રૂરકી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 15 જૂન, (1) વૈશ્વિક પવન દિવસ (Global wind Day)
## (2) વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ (World Elder Abuse Awareness Day)

### વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ




દર વર્ષે 15 જૂનના રોજ વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે અથવા વિશ્વ દુર્વ્યવહાર જાગૃતતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ વિશ્વભરની વૃદ્ધ વસતી સાથે દુર્વ્યવહાર (મૌખિક, શારીરિક અથવા ભાવનાત્મક) પ્રત્યે જાગૃત્તિને પ્રોત્સાહન આપે છે.
- વૃદ્ધો માટે ખાસ દિવસ તરીકે જાહેર કરવાની વિનંતીને પગલે જૂન 2006માં આ દિવસની ઉજવણી શરૂ થઈ હતી.
- જોકે વર્ષ 2011માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) દ્વારા આ દિવસને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી.
- વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ 2023ની થીમ 'Closing the circle : Addressing Gender-Based violence (GBV) in older Age Policy, Law and Evidence-based Responses' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## SIPRI Year Book 2023 અનુસાર ભારતમાં 164 પરમાણુ શસ્ત્ર હોવાની સંભાવના

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI Year Book 2023 અનુસાર વર્ષ 2023માં વિશ્વના 9 દેશો પરમાણુ શસ્ત્ર ધરાવે છે.

- પરમાણુ શસ્ત્ર ધરાવતા વિશ્વના આ 9 દેશોમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયેલ અને ઉત્તર કોરિયાનો સમાવેશ થાય છે.
- આ 9 દેશોમાંથી વર્ષ 2023માં રશિયા પાસે સૌથી વધુ 5,889 પરમાણુ શસ્ત્રો છે.
- રશિયા બાદ બીજા ક્રમે અમેરિકા પાસે 5,244 પરમાણુ શસ્ત્રો છે.
- જ્યારે ભારત પાસે વર્ષ 2023માં 164 પરમાણુ શસ્ત્રો છે.
- નોંધનીય છે કે વર્ષ 2022માં ભારત પાસે 160 પરમાણુ શસ્ત્રો હતા.

## SIPRI અનુસાર 2019 થી 2023 સુધીમાં વિશ્વના વિવિધ દેશો પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા

| ક્રમ | દેશ | પરમાણુ શસ્ત્રોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 2019 | 2020 | 2021 | 2022 | 2023 |
| 1 | રશિયા | 6500 | 6375 | 6255 | 5977 | 5889 |
| 2 | અમેરિકા | 6185 | 5800 | 5550 | 5428 | 5244 |
| 3 | ચીન | 290 | 320 | 350 | 350 | 410 |
| 4 | ફ્રાન્સ | 300 | 290 | 290 | 290 | 290 |
| 5 | બ્રિટન | 200 | 215 | 225 | 225 | 225 |
| 6 | પાકિસ્તાન | 150-160 | 160 | 165 | 165 | 170 |
| 7 | ભારત | 130-140 | 150 | 156 | 160 | 164 |
| 8 | ઈઝરાયેલ | 80-90 | 90 | 90 | 90 | 90 |
| 9 | ઉત્તર કોરિયા | (20-30) | (30-40) | (40-50) | (20) | 30 |
| | કુલ | 13,865 | 13,400 | 13,080 | 12,705 | 12,512 |

### રિપોર્ટનું એનાલિસિસ

આ રિપોર્ટ અનુસાર વર્ષ 2022ની તુલનાએ વર્ષ 2023માં વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે. જે 12,705 થી ઘટીને 12,512 થયા છે.

- રશિયા અને અમેરિકા પાસે મળીને 90%થી વધુ પરમાણુ શસ્ત્રો ધરાવે છે.
- આ રિપોર્ટ અનુસાર રશિયા અને અમેરિકાના પરમાણુ શસ્ત્રોની સંખ્યા ઘટાડો થયો છે.
- વર્ષ 2022માં ભારત પાસે 160 પરમાણુ શસ્ત્રો હતા જે વધીને 164 થયા છે.
- વ્યૂહાત્મક સ્થિરતા વાટાઘાટો અને ભાવિ વ્યૂહાત્મક શસ્ત્રોના ઘટાડા અને મર્યાદા માટેના પગલાઓ પરની સંધિ (New Start)એ ફોલો–અપ સંધિ માટેની ચર્ચાઓ રોકી દેવામાં આવી છે.
- ભારત તેની બેલેસ્ટિક મિસાઈલને અપગ્રેડ કરવાની પ્રક્રિયામાં છે, જેમાં સબમરીનથી લોન્ચ કરાયેલી મધ્યવર્તી–રેન્જની બેલેસ્ટિક મિસાઈલ અને 'અગ્નિ પ્રાઈમ' નામની નવી પેઢીની બેલેસ્ટિક મિસાઈલનો સમાવેશ થાય છે.
- SIPRI અનુસાર ચીનના પરમાણુ શસ્ત્રાગારમાં જાન્યુઆરી 2022માં 350 વોરહેડ્સથી વધીને જાન્યુઆરીમાં 410 થઈ ગયા છે.

**નોંધ:** (1) વર્ષ 2019 થી 2023 સુધીમાં પરમાણુ શસ્ત્રોમાં થયેલા ઘટાડાનું મુખ્ય કારણ અમેરિકા અને રશિયા વચ્ચે થયેલી NEW START સંધિ હતી.

(2) SIPRIનું પૂરું નામ 'Stockholm International Peace Research Institute' છે.

(3) SIPRI એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે યુદ્ધ, શસ્ત્રો, શસ્ત્ર નિયંત્રણ અને નિ:શસ્ત્રીકરણમાં સંશોધન માટે સમર્પિત છે.

(4) SIPRIની સ્થાપના વર્ષ 1966માં સ્વીડનના સ્ટોકહોમમાં કરવામાં આવી હતી.

## ફ્રેન્ચ ઓપન 2023 (French Open-2023)




તાજેતરમાં 28 મે થી 11 જૂન 2023 દરમિયાન ફ્રાન્સના પેરિસના સ્ટેટ રોલાન્ડ ગેરોસ ખાતે ફ્રેન્ચ ઓપનની 127મી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં સર્બિયાના શ્રી નોવાક જોકોવિચે નોર્વેના શ્રી કેસ્પર રૂડને પરાજય આપીને મેન્સ સિંગલ્સનું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યું છે.
- શ્રી નોવાક જોકેવિચની આ જીતની સાથે સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો.
- તેમણે આ બાબતે સ્પેનના શ્રી રાફેલ નડાલને પાછળ રાખ્યા છે. શ્રી નોવાક જોકોવિચે કુલ 23 ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યા છે. જ્યારે શ્રી રાફેલ નડાલે 22 ટાઈટલ જીત્યા છે.
- જ્યારે પોલેન્ડના સુશ્રી ઈગા સ્વાઈટેક (અથવા ઈગા સ્વિયાતેક)એ ચેક રિપબ્લિકના સુશ્રી કેરોલિના મુચોવાને પરાજય આપીને વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું છે.

### ફ્રેન્ચ ઓપન 2023 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી નોવાક જોકોવિચ (સર્બિયા) | શ્રી કેસ્પર રૂડ (નોર્વે) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી ઈગા સ્વાઈટેક (પોલેન્ડ) | સુશ્રી કેરોલિના મુચોવા (ચેક રિપબ્લિક) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી ઈવાન ડોડિંગ (ક્રોએશિયા) | શ્રી સેન્ડર ગિલ (બેલ્જિયમ) |
| | | શ્રી ઓસ્ટિન ક્રજિસેક (યુએસએ) | શ્રી જોરાન વ્લિગેનન (બેલ્જિયમ) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી હસેઈ સુ વેઈ (તાઈવાન) | સુશ્રી ટેલર ટાઈનસેન્ડ (અમેરિકા) |
| | | સુશ્રી વાંગ ઝિનયૂ (ચીન) | સુશ્રી લૈલા ફર્નાન્ડિઝ (કેનેડા) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી મિયુકાટો (જાપાન) | સુશ્રી બિઆન્કા એન્ડ્રીસ્કુ (કેનેડા) |
| | | શ્રી ટીમ પુટ્ઝ (જર્મની) | શ્રી માઈકલ વિનસ (ન્યુઝીલેન્ડ) |

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  (2) ફ્રેન્ચ ઓપન
  (3) વિમ્બલ્ડન
  (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કયા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

## પર્યાવરણ મંત્રાલયે ગૌલા નદીના ખાણકામને મંજૂરી આપી

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે ઉત્તરાખંડ સરકારને નૈનિતાલ જિલ્લામાં ગૌલા નદીમાં ખાણકામની પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની મંજૂરી આપી છે.



- આ વિસ્તરણ સાથે 30 જૂન સુધી ખાણકામની કામગીરી કરવા માટે પરવાનગી આપવામાં આવી છે.
- આ પરવાનગીથી સ્થાનિક લોકો માટે રોજગારીની તકો ઊભી થવાની પણ અપેક્ષા છે.
- ગૌલા નદીને ગોલા નદી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ નદી ઉત્તરાખંડના પહરપાની ગામમાંથી નીકળે છે. અને કઠગોદામ, હલ્દવાની, કિછા અને શાહી સહિતના વિવિધ પ્રદેશોમાંથી વહે છે.
- આ નદીને કેટલાક વિભાગોમાં કિછા અને બેગુલ પણ કહેવામાં આવે છે. છેલ્લે આ નદી ઉત્તરપ્રદેશની રામગંગા નદીમાં જોડાય છે, જે ગંગાની ઉપનદી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | 'વૈશ્વિક પવન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 14 જૂન | (B) 15 જૂન | (C) 16 જૂન | (D) 17 જૂન | (B) |
| 2. | 'વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ' (World Elder Abuse Awareness Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 14 જૂન | (B) 15 જૂન | (C) 16 જૂન | (D) 17 જૂન | (B) |
| 3. | SIPRI Year Book 2023 અનુસાર વર્ષ 2023માં સૌથી વધુ પરમાણુ શસ્ત્રો કયા દેશ પાસે છે ? | | | | |
| | (A) અમેરિકા | (B) રશિયા | (C) ચીન | (D) ફ્રાન્સ | (B) |
| 4. | SIPRI Year Book 2023 અનુસાર સમગ્ર વિશ્વમાં કુલ કેટલા દેશો પરમાણુ શસ્ત્રો ધરાવે છે ? | | | | |
| | (A) 7 | (B) 9 | (C) 11 | (D) 16 | (B) |
| 5. | SIPRI Year Book 2023 અનુસાર રશિયા પાસે કેટલા પરમાણુ શસ્ત્રો છે ? | | | | |
| | (A) 1,315 | (B) 2,371 | (C) 4,558 | (D) 5,889 | (D) |
| 6. | SIPRI Year Book 2023 અનુસાર અમેરિકા પાસે કેટલા પરમાણુ શસ્ત્રો છે ? | | | | |
| | (A) 5244 | (B) 4244 | (C) 3244 | (D) 2244 | (A) |
| 7. | SIPRI Year Book 2023 અનુસાર ભારત પાસે કેટલા પરમાણુ શસ્ત્રો છે ? | | | | |
| | (A) 164 | (B) 153 | (C) 148 | (D) 138 | (A) |
| 8. | ફ્રેન્ચ ઓપન 2023માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ટેનિસ ખેલાડીનું નામ શું છે ? | | | | |
| | (A) શ્રી રોજર ફેડરર | | (B) શ્રી નોવાક જોકોવિચ | | |
| | (C) શ્રી કેસ્પર રૂડ | | (D) શ્રી રાફેલ નડાલ | | (B) |
| 9. | ફ્રેન્ચ ઓપન 2023માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા શ્રી નોવાક જોકેવિચના દેશનું નામ જણાવો ? | | | | |
| | (A) અમેરિકા | (B) સ્પેન | (C) સર્બિયા | (D) ઓસ્ટ્રેલિયા | (C) |
| 10. | ફ્રેન્ચ ઓપન 2023માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા મહિલા ખેલાડીનું નામ શું છે ? | | | | |
| | (A) સુશ્રી ઈગા સ્વાઈટેક | | (B) સુશ્રી બરબોરા ક્રેજસિકવા | | |
| | (C) સુશ્રી કેરોલિના મુચોવા | | (D) સુશ્રી કોકો ગોફ | | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**11.** ફ્રેન્ચ ઓપન 2023માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા સુશ્રી ઈગા સ્વાઈટેક કયા દેશના ખેલાડી છે ?

(A) સ્પેન (B) નોર્વે (C) અમેરિકા (D) પોલેન્ડ **(D)**

**12.** ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટ કઈ કોર્ટ પર રમાય છે ?

(A) હાર્ડકોર્ટ (B) ગ્રાસકોર્ટ (C) ક્લેકોર્ટ (D) A અને B બંને **(C)**

**13.** તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે કયા રાજ્યમાં સ્થિત ગૌલા નદીમાં ખાણકામને મંજૂરી આપી છે ?

(A) બિહાર (B) ઉત્તરાખંડ

(C) હિમાચલ પ્રદેશ (D) હરિયાણા **(B)**



## દિવસ મહિમા : 16 જૂન, આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ દિવસ (International Day of Family Remittancess)

## સંશોધક જહાજ (Sanshodhak Ship)



L&T/GRSE દ્વારા ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવી રહેલા સર્વે વેસેલ્સ (લાર્જ) (SVL) પ્રોજેક્ટના ચાર જહાજોમાંથી ચોથું 'સંશોધક' ચેન્નાઈના કટ્ટુપલ્લી ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું.

- જહાજનું નામ 'સંશોધક'નો અર્થ શોધકર્તા થાય છે, તે સર્વેક્ષણ જહાજ તરીકે વહાણની પ્રાથમિક ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે.
- બાંધકામ વ્યૂહરચના મુજબ પ્રથમ જહાજ GRSE, કોલકાતા ખાતે બાંધવામાં આવશે અને બાકીના ત્રણ જહાજોનું બાંધકામ મેસર્સ L&T શિપબિલ્ડીંગ, કટ્ટુપલ્લીને પેટા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.
- પ્રોજેક્ટના પ્રથમ ત્રણ જહાજો સાંધ્યક, નિર્દેશક અને ઈક્ષક અનુક્રમે ડિસેમ્બર 2021, મે 2022 અને નવેમ્બર 2022માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- 110 મીટર લંબાઈ અને 16 મીટર પહોળાઈ ધરાવતા આ નવી પેઢીના હાઈડ્રોગ્રાફિક સર્વે જહાજો હાલના સંધ્યાક વર્ગના જહાજોનું સ્થાન લેશે અને સમુદ્રી માહિતી એકત્રિત કરવા માટે અત્યાધુનિક હાઈડ્રોગ્રાફિક સાધનોથી સજ્જ હશે.
- આ જહાજો હેલિકોપ્ટરની સાથે ચાર સર્વે મોટર બોટને લઈ જવા સક્ષમ હશે.
- SVL જહાજોની પ્રાથમિક ભૂમિકા શિપિંગ ચેનલો અને બંદરોના ઊંડા પાણી અને દરિયાકાંઠાના સર્વેક્ષણ હાથ ધરવાની રહેશે.
- આ જહાજનો ઉપયોગ નાગરિક અને સંરક્ષણ એપ્લિકેશનો માટે ભૌગોલિક અને સમુદ્રશાસ્ત્રીય ડેટા એકત્રિત કરવા માટે પણ કરવામાં આવશે.
- આ ઉપરાંત આ જહાજોની ગૌણ ભૂમિકા કટોકટી દરમિયાન હોસ્પિટલ જહાજો તરીકે સેવા આપવાની તેમજ મર્યાદિત સંરક્ષણ પ્રદાન કરવાની રહેશે.

**નોંધ :** GRSEનું પૂરું નામ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અંડર-20 ફૂટબોલ વર્લ્ડ કપ : ઉરુગ્વે ચેમ્પિયન



તાજેતરમાં 20 મે થી 11 જૂન 2023 દરમિયાન આર્જેન્ટિનામાં 2023 FIFA અંડર-20 વર્લ્ડ કપની 23મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં ઉરુગ્વેએ ઈટાલીને 1-0 થી પરાજય આપીને પ્રથમ વખત અંડર-20 ફૂટબોલ વર્લ્ડકપનું ટાઈટલ જીતી લીધું છે.
- જેમાં ગોલ્ડન બોલનો એવોર્ડ શ્રી સીઝર કેસાડેઈ, સિલ્વર બોલનો એવોર્ડ શ્રી એલન માતુરો અને બ્રોન્ઝ બોલનો એવોર્ડ શ્રી લી સ્યુંગ વોનને એનાયત થયો છે.
- જ્યારે ગોલ્ડન બુટનો એવોર્ડ શ્રી સેઝર કાસાડેઈ (ઈટાલી)ને એનાયત થયો હતો.

**નોંધ :** સૌથી વધુ અંડર-20 ફૂટબોલ વર્લ્ડ કપ છ વખત આર્જેન્ટિનાએ જીત્યા છે.

### FIFA

FIFAનું પૂરું નામ 'ફેડરેશન ઈન્ટરનેશનલ ડે ફૂટબોલ એસોસિએશન' છે.

- FIFA એ ફૂટબોલ, ફૂટસલ (Futsal) અને બીચ સોકર (Beach Soccer)નું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- FIFAનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.
- FIFAના વર્તમાન અધ્યક્ષ શ્રી જિયાન્ની ઈન્ફન્ટિનો છે.



1. 'આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન **(B)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સંશોધક' નામના જહાજ વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો :

1. તે GRSE દ્વારા ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવી રહેલા SVL પ્રોજેક્ટના ચાર જહાજોમાંથી ચોથું જહાજ છે.
2. SVL જહાજો હાલના સંધ્યાક વર્ગના સર્વે જહાજોનું સ્થાન લેશે.

ઉપરોક્તમાંથી કયું વિધાન ખોટું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એકપણ નહીં **(D)**

3. GRSE દ્વારા ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવી રહેલા SVL પ્રોજેક્ટના ચાર જહાજોમાંથી નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) કાવેરી (B) નિર્દેશક (C) ઈક્ષક (D) સંશોધક **(A)**

5. FIFA અંડર-20 ફૂટબોલ વર્લ્ડ કપ 2023 વિજેતા દેશનું નામ જણાવો ?

(A) ઈટાલી (B) ક્રોએશિયા (C) ઉરુગ્વે (D) આર્જેન્ટિના **(C)**

6. ઉરુગ્વેએ કોને પરાજય આપીને FIFA અંડર-20 વર્લ્ડ કપ-2023 જીતી લીધો છે ?

(A) ઈટાલી (B) કતાર (C) ફ્રાન્સ (D) ઈંગ્લેન્ડ **(A)**

5. FIFA નું પૂરું નામ શું છે ?

(A) ફૂટબોલ ઈન્ટરનેશનલ ડે ફેડરેશન એસોસિએશન

(B) ફૂટબોલ ઈન્ટરનેશનલ વર્લ્ડ ડે ફેડરેશન

(C) ફેડરેશન ઈન્ટરનેશનલ વર્લ્ડ ડે ફૂટબોલ એસોસિએશન

(D) ફેડરેશન ઈન્ટરનેશનલ ડે ફૂટબોલ એસોસિએશન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 17 જૂન, (1) વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ (World Day to Combat Desertification and Drought)
## (2) વિશ્વ મગર દિવસ (World Crocodile Day)

### વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 17 જૂનના રોજ 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ' ઉજવાય છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટે થઈ રહેલા આંતરરાષ્ટ્રીય પ્રયાસો અંગે જાગૃત્તિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ 1995 થી થયો હતો.
- SDG માટે 2030 એજન્ડામાં પૃથ્વીને ધોવાણથી બચાવવાનો સમાવેશ થાય છે, SDG 15નો ઉદ્દેશ્ય જમીનના અધોગતિ રોકવાનો છે.
- વર્ષ 2023ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ'ની થીમ 'Her land, Her right' છે.

## કર્ણાટકની ઈશાદ કેરીને GI ટેગ

તાજેતરમાં કર્ણાટકના ઉત્તર કન્નડના અંકોલા તાલુકાની કારી ઈશાદ કેરી (Kari Ishad Mango)ને ભૌગોલિક સંકેત રજિસ્ટ્રી દ્વારા ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો છે.

- Matha totagars Farmer Producer Company Limitedને આ GI પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.
- આ કેરી તેની અનોખી સુગંધ, સ્વાદિષ્ટ સ્વાદ, પલ્પની વધુ માત્રા અને વિશિષ્ટ આકાર અને કદ માટે જાણીતી છે.
- એવું કહેવાય છે કે કેરીની વિવિધતા છેલ્લા 400 વર્ષથી ઉગાડવામાં આવે છે.
- GI ટેગ ઈશાદ કેરીની ઓળખ અને વિશિષ્ટતાને સુરક્ષિત કરવામાં મદદ કરશે, તથા તેમની ખેતી અને માર્કેટિંગને પ્રોત્સાહન આપશે.
- ઈશાદ કેરીના બે પ્રકાર છે : કારી ઈશાદ અને બિલી ઈશાદ.
- કારી ઈશાદ તેની પાતળી ચામડી, પુષ્કળ પ્રમાણમાં પલ્પ અને મીઠાશ ધરાવે છે. જ્યારે બિલી ઈશાદમાં જાડી ચામડી, ઓછી પલ્પ અને મીઠાશ હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટીનું નામ બદલવામાં આવ્યું

નવી દિલ્હીમાં ભારતની પ્રતિષ્ઠિત સંસ્થા નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટીએ તાજેતરમાં તેની એક વિશેષ બેઠકમાં તેનું નામ બદલીને 'પ્રાઈમ મિનિસ્ટર્સ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટી' (Prime Minister's Museum and Library Society) રાખવામાં આવ્યું છે.



- નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટીની ખાસ બેઠક દરમિયાન આ નામ બદલવા માટે એક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.
- નવું નામ પ્રાઈમ મિનિસ્ટર્સ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટી ભારતના વડાપ્રધાનના વારસાની વ્યાપક રજૂઆતને દર્શાવે છે.
- એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સંસ્થાની વર્તમાન પ્રવૃત્તિઓ અને સ્વતંત્ર ભારતમાં લોકશાહીની સામૂહિક યાત્રાને પ્રતિબિંબિત કરતા નામની જરૂરિયાતને માન્યતા આપી હતી.
- જે ભારતમાં લોકતંત્રની સામૂહિક યાત્રાને દર્શાવે છે. અને રાષ્ટ્ર નિર્માણમાં પ્રત્યેક વડાપ્રધાનના યોગદાનને રજૂ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વૈભવ ફેલોશિપ યોજના (VAIBHAV Fellowship Scheme)

ભારત સરકારે વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, ગણિત અને મેડિસિન (STEMM) અને ભારતીય શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં ભારતીય ડાયસ્પોરા વચ્ચે સહયોગની સુવિધા માટે 'વૈશ્વિક ભારતીય વૈજ્ઞાનિક' (Vaishvik Bhartiy Vaigyanik-VAIBHAV) નામનો ફેલોશિપ પ્રોગ્રામ શરૂ કર્યો છે.




- વૈભવ સમિટનું આયોજન પણ ભારતીય STEMM ડાયોસ્પોરા (પ્રવાસી)ને ભારતીય સંસ્થાઓ સાથે જોડવા માટે એક સમર્પિત એક કાર્યક્રમ તરીકે કરવામાં આવ્યું હતું.

### વૈભવ ફેલોશિપ યોજના વિશે

વૈભવ ફેલોશિપનો ઉદ્દેશ્ય વિદેશી સંસ્થાઓમાંથી ભારતમાં ફેકલ્ટી/સંશોધકોની ગતિશીલતા દ્વારા ભારતીય સંસ્થાઓ અને વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક અને સંશોધન સહયોગની સુવિધા દ્વારા ભારતની ઉચ્ચ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક સંસ્થાઓની સંશોધન ઈકોસિસ્ટમને સુધારવાનો છે.

- તેનો અમલ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.
- વૈભવ ફેલોશિપ પ્રોગ્રામની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે :

(1) **નોલેજ વર્ટિકલ્સ** : આ પ્રોગ્રામ ક્વોન્ટમ ટેક્નોલોજી, હેલ્થ, ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, એગ્રીકલ્ચર, એનર્જી, કોમ્પ્યૂટર સાયન્સ અને મટીરિયલ્સ સહિત 18 ઓળખાયેલા જ્ઞાન વર્ટિકલ્સ પર ધ્યાન કેન્દ્રીત કરશે.

(2) **પાત્રતા** : આ ફેલોશિપ ભારતીય મૂળના ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિકો અને ટેક્નોલોજિસ્ટ (બિન–નિવાસી ભારતીય–NRI અથવા ભારતીય મૂળના બિન–નિવાસી ભારતીય-PIO અથવા ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા-OCI) માટે ખૂલી છે જેઓ તેમના સંબંધિત દેશોમાં સંશોધન પ્રવૃત્તિઓમાં સક્રિયપણે રોકાયેલા છે.

(3) **સહયોગનો સમયગાળો** : પસંદ કરેલા ફેલોને ભારતીય શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને જાહેર ભંડોળ ધરાવતી વૈજ્ઞાનિક સંસ્થાઓ સાથે સહયોગમાં કામ કરવાની તક મળશે.

(4) **ફેલોશિપ માટે ભંડોળ** : વૈભવ ફેલોને રૂ. 4,00,000ની માસિક ફેલોશિપ ગ્રાન્ટ મળશે, જે સહયોગ સમયગાળા દરમિયાન તેમની સંશોધન પ્રવૃત્તિઓને સમર્થન આપશે.

(5) **મુસાફરી, આવાસ અને આકસ્મિકતાઓ** : ફેલોશિપ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક મુસાફરી ખર્ચ, રહેઠાણ અને આકસ્મિકતાને આવરી લેશે અને ફેલોશિપ સંશોધન માટે અનુકૂળ વાતાવરણ સુનિશ્ચિત કરશે.



1. 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન **(C)**

2. વર્ષ 2023ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ'ની થીમ શું હતી ?

(A) Rising up from drought together

(B) Rising up from-Feed Fiber Food

(C) Food Feed Fiber

(D) Her land, Her right **(D)**

3. 'વિશ્વ મગર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 જૂન (B) 17 જૂન (C) 18 જૂન (D) 19 જૂન **(B)**

4. તાજેતરમાં ઈશાદ કેરી (Ishad Mango) ને GI ટેગ મળ્યો છે. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) કર્ણાટક (B) કેરળ (C) મધ્યપ્રદેશ (D) ઝારખંડ **(A)**

5. નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટીનું તાજેતરમાં નામ બદલીને નવું નામ શું રાખવામાં આવ્યું છે ?

(A) પ્રાઈમ મિનિસ્ટર્સ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટી

(B) પ્રેસિડન્ટ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી

(C) અટલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી સોસાયટી

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

6. 'વૈભવ ફેલોશિપ યોજના' વિશે નીચેના નિવેદનો પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેનો ઉદ્દેશ્ય વિદેશી સંસ્થાઓમાંથી ભારતમાં ફેકલ્ટી/સંશોધકોની ગતિશીલતા દ્વારા ભારતીય સંસ્થાઓ અને વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક અને સંશોધન સહયોગની સુવિધા દ્વારા ભારતની ઉચ્ચ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક સંસ્થાઓની સંશોધન ઈકોસિસ્ટમને સુધારવાનો છે.

2. તેનો અમલ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **પાલનપુરથી ગુજરાતના 21 જન સુવિધા કેન્દ્રનું લોકાપર્ણ**



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પાલનપુર ખાતેથી રાજ્યની 21 નગરપાલિકાઓમાં રૂ. 22.65 કરોડના ખર્ચે નિર્માણ પામેલ સીટી સિવિક સેન્ટર્સ (જન સુવિધા કેન્દ્ર)નું ઉદ્દઘાટન કર્યુ હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરો અને ગામડાંઓમાં રહેતા સમાજના લોકોને જીવન સરળતા પ્રદાન કરવાના તેમના સંકલ્પને સાકાર કર્યો છે. આ ઉપરાંત પાલનપુર શહેર માટે મહત્ત્વની જાહેરાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે પાલનપુર નગર અને અમદાવાદ, આબુ રોડ, ડીસાને જોડતા નેશનલ હાઈવે પર આવેલા એરોમા સર્કલ ખાતે ટ્રાફિક જામની સમસ્યા દૂર કરવા માટે નક્કર આયોજન કરવામાં આવ્યું છે.

➤ **'એગ્રિકલ્ચર ઈન અમૃત કાલ : સ્કીલ્ડ એગ્રીકલ્ચર ઈન ક્લાઈમેટ ચેન્જ' પુસ્તકનું અનાવરણ**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'એગ્રિકલ્ચર ઈન અમૃતકાલ : સ્કીલ્ડ એગ્રીકલ્ચર ઈન ક્લાઈમેટ ચેન્જ' પુસ્તકનું અનાવરણ કર્યુ હતું. આ પુસ્તક ભૂતપૂર્વ સચિવ ડો. કિરણ શેઠ દ્વારા લખવામાં આવ્યું છે અને ફ્લોરિડા એગ્રીકલ્ચર યુનિવર્સિટીના ડો. ઓડામેરી દ્વારા સંપાદિત કરવામાં આવ્યું છે. તે નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને પબ્લિક લીડરશીપ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપીને સંરક્ષણ ક્ષેત્રે દેશને આત્મનિર્ભરતા તરફ દોરી ગયો છે. આ પુસ્તક આબોહવા પરિવર્તન સામે કૃષિની સ્થિતિસ્થાપકતાને સુનિશ્ચિત કરવા માટે વ્યાપક માર્ગદર્શન આપશે. આ પુસ્તકમાં સમાયેલ મૂલ્યવાન આંતરદષ્ટિ રાજ્યના કૃષિ વિભાગને અસરકારક નીતિઓ ઘડવામાં મદદ કરશે, જેનાથી રાજ્ય કૃષિ ક્ષેત્રની એકંદર વૃદ્ધિ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત

## ➤ પ્રથમ ભારત-ફ્રાન્સ-યુએઈ પાર્ટનશિપ કવાયત



ભારત, ફ્રાન્સ અને સંયુક્ત આરબ અમીરાત (UAE)ની પ્રથમ આવૃત્તિ 7 જૂન, 2023ના રોજ ઓમાનના અખાતમાં INS તારકશ, ફ્રેન્ચ શિપ સરકૌફ, ફ્રેન્ચ રાફેલ એરક્રાફ્ટ અને UAE નેવી મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટની ભાગીદારી સાથે શરૂ થઈ છે. તે શ્રેષ્ઠ પ્રથાઓના આદાનપ્રદાન પર ભાર મૂકે છે અને ભારત, ફ્રાન્સ અને UAE વચ્ચે વધુ નૌકા સહયોગ માટે માર્ગ મોકળો કરે છે. ભારત અને ફ્રાન્સે સંરક્ષણ ક્ષેત્રમાં મજબૂત સહયોગ સ્થાપિત કર્યો છે બંને દેશો નિયમિતપણે તેમની સંબંધિત સેના, નૌકાદળ અને વાયુસેનાને સંડોવતા અભ્યાસ શક્તિ, અભ્યાસ વરુણ, અભ્યાસ ગરૂડ જેવી સંયુક્ત કવાયત યોજે છે.

## ➤ ઉત્તરપ્રદેશે નંદ બાબા દૂધ મિશન યોજના શરૂ કરી

ઉત્તરપ્રદેશમાં દૂધના વિકાસ અને ઉત્પાદનને વેગ આપવાના પ્રયાસરૂપે મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે નંદ બાબા મિલ્ક મિશન શરૂ કર્યુ છે. રૂ. 1000 કરોડના બજેટ સાથેની આ પહેલનો ઉદ્દેશ્ય દૂધ ઉત્પાદકોને સશક્તિકરણ કરવાનો અને ડેરી સહકારી મંડળો દ્વારા તેમના દૂધને વાજબી ભાવે વેચવાની તક પૂરી પાડવાનો છે. નંદ બાબા મિલ્ક મિશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય ઉત્તરપ્રદેશમાં દૂધ ઉત્પાદકોને સશક્તિકરણ કરવાનો છે. નંદ બાબા મિલ્ક મિશન હેઠળ રાજ્યના 5 જિલ્લામાં ડેરી ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (ડેરી FPO) સ્થાપવાની યોજના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ RBIએ અંતર્દષ્ટિ ડેશબોર્ડ લોન્ચ કર્યુ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે તાજેતરમાં 'અંતર્દષ્ટિ' (ઈનસાઈટ્સ અથવા આંતરદષ્ટિ) નામનું નાણાકીય સમાવેશ ડેશબોર્ડ લોન્ચ કર્યુ છે. જે ભારતમાં નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ નવીન સાધનનો હેતુ સંબંધિત પરિમાણોને કેપ્ચર કરીને નાણાકીય સમાવેશની પ્રગતિનું મૂલ્યાંકન કરવા અને તેનું નિરીક્ષણ કરવા માટે મૂલ્યવાન અંતર્દષ્ટિ પ્રદાન કરવાનો છે. અંતર્દષ્ટિ અથવા આંતરદષ્ટિ ડેશબોર્ડનો પ્રાથમિક ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશમાં થયેલી પ્રગતિનું મૂલ્યાંકન કરવાનો છે. મુખ્ય માપદંડો અને સૂચકાંકોનું વિશ્લેષણ કરીને તે નીતિ નિર્માતાઓ અને હિસ્સેદારોને નાણાકીય સમાવેશની વર્તમાન સ્થિતિની વ્યાપક સમજ મેળવવા માટે સક્ષમ બનાવે છે. શરૂઆતમાં આ ડેશબોર્ડનો ઉપયોગ ભારતીય રિઝર્વ બેન્કની અંદર આંતરિક હેતુઓ માટે કરવામાં આવશે.

➤ **કોરિયાને હરાવીને ભારતે પ્રથમવાર જુનિયર મહિલા એશિયા કપનો ખિતાબ જીત્યો**

ભારતીય જુનિયર મહિલા હોકી ટીમે તાજેતરમાં જુનિયર મહિલા એશિયા કપ 2023ની ફાઈનલમાં કોરિયાને 2-1 થી હરાવીને ઐતિહાસિક જીત મેળવતા પ્રથમવાર આ ખિતાબ જીત્યો છે. ભારતની આ ઐતિહાસિક જીતમાં સુશ્રી અન્નુ અને સુશ્રી નીલમે એક–એક ગોલ ફટકાર્યા હતા, નોંધનીય છે કે 2012 પછી પ્રથમવાર ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચી હતી.

➤ **કોલસો અને લિગ્નાઈટ શોધ યોજના લંબાવવામાં આવી**

સરકારે 'કોલ અને લિગ્નાઈટની શોધ યોજના'ને ચાલુ રાખવા માટે તેની મંજૂરી આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ યોજનાના વિસ્તરણ માટે રૂ. 2,980 કરોડની મંજૂરી આપી છે. આ યોજનાને 15માં નાણાપંચના ચક્રને અનુરૂપ નાણાકીય વર્ષ 2021-22 થી 2025-26 સુધી લંબાવવામાં આવશે.

➤ **SAI20 સમિટ**

ભારતની G20 પ્રેસિડેન્સી હેઠળ SAI20 સમિટની શરૂઆત ભારત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) ના નેતૃત્વ હેઠળ ગોવામાં થઈ હતી. સમિટમાં બ્લુ ઈકોનોમી અને રિસ્પોન્સિબલ AI પર પ્રાથમિકતાઓ નક્કી કરવા, સુપ્રીમ ઓડિટ સંસ્થાઓ (SAI) (ભારતની SAI એ CAG છે) વચ્ચે સહકાર અને જ્ઞાનની વહેંચણીને પ્રોત્સાહિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. SAI20 અગ્રતા ક્ષેત્રોમાં 'બ્લુ ઈકોનોમી' અને 'જવાબદાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'નો સમાવેશ થાય છે. જે નવા યુગની તકો અને ચિંતાઓનું પ્રતિનિધિત્વ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **સાયલન્ટ બાર્કર**

યુએસ સ્પેસ ફોર્સ, નેશનલ રિકોન્સિન્સ ઓફિસ (NRO) સાથે મળીને સાયલન્ટ બાર્કર નામના સેટેલાઈટ નક્ષત્રને લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. નક્ષત્ર અથવા તારામંડળને ખાસ કરીને ચાઈનીઝ અને રશિયન અવકાશ વાહનોની આસપાસ વધતી જતી ચિંતાઓને દૂર કરવા માટે બનાવવામાં આવ્યું છે. જેમાં પરિભ્રમણ કરતી વસ્તુઓને નિષ્ક્રિય અથવા નુકસાન પહોંચાડવાની સંભાવના છે. સાયલન્ટ બાર્કર સેટેલાઈટ નક્ષત્રનો રશિયન અવકાશ વાહનોને ટ્રેક અને મોનિટર કરવાનો છે જે જટિલ ભ્રમણકક્ષાના પદાર્થો માટે જોખમ ઊભું કરે છે. આ ઉપગ્રહોના પ્રક્ષેપણની સુવિધા માટે બોઈંગ કંપની–લોકહીડ માર્ટિન કોર્પના યુનાઈટેડ લોન્ચ એલાયન્સ દ્વારા ઓપરેશન સપોર્ટ આપવામાં આવશે.

➤ **શનિના ચંદ્ર એન્સેલેડસ પર ફોસ્ફરસ મળી આવ્યું**

**સંશોધકોએ શનિના ચંદ્ર એન્સેલેડસમાંથી બહાર નિકળેલા બર્ફીલા કણોમાં ફોસ્ફરસની હાજરી શોધી કાઢી છે. આ શોધ પૃથ્વીની બહાર અવકાશી પદાર્થોની સંભવિત રહેઠાણતાને સમજવા માટે નવી શકયતા ખોલે છે. ફોસ્ફરસ એ DNA અને RNAની રચનામાં એક મૂળભૂત એકમ છે, જે તેને જીવન માટે એક મહત્વપૂર્ણ તત્વ બનાવે છે. આ અભ્યાસમાં વપરાતો ડેટા નાસાના કેસિની અવકાશયાન દ્વારા એકત્રિત કરવામાં આવ્યો હતો.**

## QUESTION OF THIS WEEK

1. યુનાઈટેડ સ્ટેટ્સ અને યુનાઈટેડ કિંગ્ડમે 21મી સદી માટે યુએસ–યુકે ઈકોનોમિક પાર્ટનશિપ માટે............ ઘોષણા જાહેર કરી છે. – એટલાન્ટિક
2. ન્યાય મંત્રાલયની કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓના અમલીકરણ પર દેખરેખ રાખવા માટે શરૂ કરાયેલ પોર્ટલનું નામ શું છે ? – ન્યાય વિકાસ પોર્ટલ
3. તાજેતરમાં કયા દેશે ‘અભ્યાસ એકથા’ (Exercise Ektha)ની છઠ્ઠી આવૃત્તિનું આયોજન કર્યુ હતું ? – માલદીવ (ભારતીય નૌકાદળના ડાઈવર્સ અને મરીન કમાન્ડો તથા માલદીવ નેશનલ ડિફેન્સ ફોર્સ (MNDF) વચ્ચે અભ્યાસ એકથાની છઠ્ઠી આવૃત્તિ માલદીવમાં હાથ ધરવામાં આવી હતી.)
4. ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રુઝ શિપને તાજેતરમાં કયા દેશ માટે રવાના કરવામાં આવ્યું હતું ? – શ્રીલંકા
5. કયા રાજ્યના માર્ગ પરિવહન નિગમને UITP (Union Internationale des Transports publics) એવોર્ડથી નવાજવામાં આવ્યું છે ? – કેરળ
6. ISROએ કયા દેશ સાથે મળીને SMOPS-2023 પર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું ? – ઈટાલી
7. કયા રાજ્યએ ‘ગ્રીન ચેમ્પિયન એવોર્ડ્સ 2022’ રજૂ કર્યો હતો ? – તમિલનાડુ
8. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને સંમેલન કેન્દ્ર...........ખાતેથી પ્રથમ રાષ્ટ્રીય તાલીમ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. – પ્રગતિ મેદાન, નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. કઈ અવકાશ એજન્સીના સંશોધકોએ 'ફ્રાઈડ સ્પેસ ફૂડ એક્સપેરિમેન્ટ' હાથ ધર્યો હતો ?

– યુરોપિયન સ્પેસ એજન્સી

10. તાજેતરમાં 'કોલ અને લિગ્નાઈટ માટે એક્સ્પ્લોરેશન યોજના' ચાલું રાખવાની મંજૂરી આપી છે. 2021-22થી 2025-26 દરમિયાન અંદાજિત............ના ખર્ચ સાથેની આ કેન્દ્રીય ક્ષેત્રની યોજના અમલમાં મુકવામાં આવશે.

– રૂ. 2980 કરોડ

11. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે કઈ કંપની સાથે 'અમૃત જનરેશન કેમ્પેઈન : ડ્રીમ્સ ઓફ ન્યૂ ઈન્ડિયા' શરૂ કર્યુ છે ? – મેટા

12. તાજેતરમાં ગૌલા નદીમાં ખાણકામ ચાલું રાખવા માટે કઈ રાજ્ય સરકારને મંજૂરી આપવામાં આવી છે ?

– ઉત્તરાખંડ

13. કયું રાજ્ય શાળા શિક્ષણમાં તાજેતરની પ્રગતિઓ પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરી રહ્યું છે ? – પંજાબ

14. 11 થી 24 જૂન, 2023 દરમિયાન ઉત્તરાખંડના ચૌબટિયા ખાતે ભારતીય સેના અને............વચ્ચે યોજનારી સંયુક્ત લશ્કરી કવાયત 'એક્સ એકુવેરિન'ની 12મી આવૃત્તિ શરૂ થઈ છે. – માલદીવ

15. ................ Air Defender 23 યુદ્ધ અભ્યાસનું આયોજન કરશે. – NATO

16. ...............મંત્રાલયે અમૃત જનરેશન અભિયાન નામની પ્રેરણાદાયી પહેલ શરૂ કરી છે.

– મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

(આ અભિયાનનો ઉદ્દેશ્ય ભારતના યુવાનોને ભવિષ્ય માટે તેમની આકાંક્ષાઓ અને સપનાઓને વ્યક્ત કરવા માટે એક મંચ પૂરો પાડીને તેમને સશક્ત બનાવવા અને જોડવાનો છે.)

17. 2023માં વિદેશીઓ માટે...............સૌથી મોઘું શહેર રહ્યું છે. – ન્યૂયોર્ક

18. તાજેતરમાં G20 ડિજિટલ ઈકોનોમી વર્કિંગ ગ્રૂપ (DEWG)ની ત્રીજી બેઠક મહારાષ્ટ્રના............માં ગ્લોબલ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) સમિટ અને પ્રદર્શનના ઉદ્દઘાટન સાથે શરૂ થઈ છે. – પૂણે

19. સ્કવોશ વર્લ્ડ કપ 2023નું આયોજન વર્લ્ડ સ્કવોશ ફેડરેશન (WSF) બોર્ડ દ્વારા .............. માં કરવામાં આવી રહ્યું છે. – ચેન્નાઈ, તમિલનાડુ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

20. 'સાગર સમૃદ્ધિ' કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ? – બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય

21. કયા સશસ્ત્ર દળે થાણે સ્થિત ખાનગી કંપની પાસેથી પ્રથમ બાર્જ, LSAM 15 (યાર્ડ 125) ખરીદ્યો ?

– ભારતીય નૌકાદળ

22. કઈ સશસ્ત્ર દળ ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલેન્સ (iDEX) દ્વારા 'ટેક્ટિકલ લેન રેડિયો' મેળવવા જઈ રહી છે ?

– ભારતીય સેના

23. તાજેતરમાં કઈ કંપનીએ E27 ઈંધણ અને ઈથેનોલ મિશ્રિત ડીઝલ ઈંધણનો ઉપયોગ કરતા વાહનો પર પ્રયોગિક અભ્યાસ શરૂ કર્યો છે ? – HPCL

24. કયા કેન્દ્રીય મંત્રાલયે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા સન્માન'ની જાહેરાત કરી હતી ?

– માહિતી અને પ્રસારણ મંત્રાલય

25. તાજેતરમાં કઈ સંસ્થાએ 'વિજ્ઞાન વિદુષી' કાર્યક્રમ શરૂ કર્યો છે ? – TIFR

26. કયા દેશે 'ગ્લોબલ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) સમિટ'નું આયોજન કર્યું હતું ? – ભારત

27. ભારતીય નૌકાદળે નૌકાદળ વિશે જાગૃતિ લાવવા અને લદ્દાખમાં યુવાનો અને નાગરિક સમાજ સાથેના સંબંધોને મજબૂત કરવા આઉટરીચ પ્રોગ્રામ દ્વારા ..........ની શરૂઆત કરી હતી. – જુલી લદ્દાખ (હેલો લદ્દાખ)

28. ભારતમાં કયા શહેરમાં G20 વિકાસ મંત્રીઓની બેઠક યોજાઈ હતી ? – વારાણસી

29. આ દાયકાના અંત સુધીમાં ભારત કયા દેશ સાથે 1 બિલિયન યુરોનો દ્વિપક્ષીય વેપાર કરવા સંમત થયું છે ?

– સર્બિયા

30. હ્યુટોટો (Huitoto) સ્વદેશી જૂથ તાજેતરમાં ચર્ચામાં હતું. તે કયા દેશનું છે ? – કોલંબિયા

31. તાજેતરમાં RBIએ વિદેશની બેંકોને કયા પ્રકારના કાર્ડ ઈશ્યુ કરવાની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે ?

– Rupay પ્રીપેડ ફોરેક્સ કાર્ડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ‘ICE MAGIC’ વિશે વાચકોના મંતવ્ય આવકાર્ય

મંતવ્ય 10:52 am



11:00 am

આ મેગેઝીન જટીલ ભાષાને પણ સરળ સૈલી મા રજુ કરે છે સાથે McQ આપતુ હોવાથી મગજ મા એકદમ ફીટ થયજાય છે સ્પધાત્મક પરીક્ષા મા કરંટ જ માથાના દુખાવો છે જેની જડીબુટ્ટી એટલે Ice magic

મે છેલ્લે Psi ની પ્રિલિમીનરી પરીક્ષા આપી હતી તેમા 8 Question માત્ર આ મેગેઝીન ના 2 week માથી હતા મતલબ કેટલુ મહત્વનું છે એ દેખાય જ છે

અને વધારે ઉપયોગી બનાવવાની વાત કરીયે તો ખાલી એક સ્ટેગ ઉમેરવાની જરૂર છે કલાસ 3 માટે કારણ આ મેગેઝિન Gpsc મા પણ બહુ ઉપયોગી છે પણ કલાસ 3 વાળા જ્યારે વાયસે ત્યારે તેને ખબરનય પડે આ Gpsc મા જ પુછાય માટે એટલુ ઉમેરો કે કલાસ 3 માટે જરૂરી નથી તો ઉમેદવાર માત્ર નજર ફેરવી આગળ વધી જાછે અને તેને વધુ સરળતા મળશે.

ગામ-આમળા તા-તળાજા જિ-ભાવનગર

પરમાર રવિરાજસિંહ જે 11:10 am

Hy sir 4:52 pm

આપનુ રોજ વીકલી મેગેઝિન જે બહાર પડે સે તે મારા માટે બોવજ મદદરૂપ સાબિત થયું સે. 4:55 pm

હમણાજ લેવાય વર્ગ 3 થી લઈને વર્ગ 1/2 મા પણ ઘણા બધા પ્રશ્ન હતા.
આવનાર સમય મા પણ ઘણું મદદરૂપ થસે એવી ખાતરી સે 4:59 pm

નામ: સુરેશ ભાઈ જે.
ગામ: જોરવાડા તા: ભાભર જિલ્લો: બનાસકાંઠા 5:01 pm

KEVAL MEHTA
City - Botad

"Ice magic "- ખુબ જ સરસ

"Ice magic "- ખુબ જ ઉપયોગી થાય છે.

"Ice magic "- હાલ એક પણ નહીં. (પણ થઇ જશે)

"Ice magic "- વધુ ને વધુ અભ્યાસ કરી. ..

હું છેલ્લા 6 વર્ષ થી "Ice magic " માંથી અભ્યાસ કરુ છુ. દરેક અઠવાડિયે આવતું પકાશન હું મારી બુકસ મા લખું છુ. મારી પાસે 2016-2023 સુધી ની તમામ બુક્સ છે. "Ice magic " મને દરેક પરીક્ષા ખુબ જ ઉપયોગી થાય છે. તમે આમ જ વિધાથી ની મદદ કરતાં રેજો....હું તમામ વિધાથી વતી તમારો ખુબ ખુબ આભાર માનું છુ. ભવિષ્ય મા જ્યારે સરકારી નોકરી મળશે ત્યારે અવશ્ય તમારી સંસ્થા ની મુલાકાત લઇને આભાર માનીશ...

ALL THE BEST ...
JAY HIND ....

3:17 pm

---

Hii 4:50 pm

Sir 4:50 pm

'ICE MAGIC' કેવું લાગ્યું
~> મને બહુ સારુ લાગ્યું છે.
ICE MAGIC કેટલું ઉપયોગી થયું.
~> ICE ટીમ ને ખુબ ખુબ અભિનંદન કરંટ અફેર ઘણું ઉપયોગી થયું છે જેમ કે પોલીસ, બિનસચિવાલય, તલાટી જુનિયર ક્લાર્ક, TET, TAT વગેરે પરીક્ષા માં ખુબ જ ઉપયોગી થયું છે.
ICE MAGIC થી કોઇ પરીક્ષા પાસ કરી.
~> ના, પણ મેરીટ યાદી માં બહુ નજીક પહોંચ્યો છું જેમા પોલીસ, બિનસચિવાલય માં 1 માર્ક આસપાસ રહી ગયો છું.
ICE MAGIC વધારે ઉપયોગી કઇ રીતે બનાવાય.
~> વધારે ઉપયોગી બનાવવા માટે એક નાની અપીલ કરું છું કે જે ખાસ ટોપિક હોય તેવા મુદ્દા ને એક મહિના ના અંતે ફરીથી આખા મહિના ના મુદ્દા ને મુકવા વિનંતી કરું છું જેથી મારાં જેવા વિધાર્થી કે જે પોઇન્ટ કે 1માર્ક થી રહી જાય છે તો તેમને વધારે ઉપયોગી થાય
4:50 pm

હું ice પ્રકાશન ના gk, ગણિત, વારસો, ice magic 3 ગ્રંથ નો ઉપયોગ કરું છું 4:50 pm

Ice magic વિશે તો હું લખું એટલું ઓછું પડે કેમકે વિધાર્થીઓ ને ઘણું ઉપયોગી નીવડ્યું છે અને ભવિષ્ય માં ઉપયોગી થશે.
4:50 pm

---

ICE RAJKOT નું કર્રેન્ટ અફેર બહુ જ સરસ હોય છે. તેમના આ કર્રેન્ટ અફેર ની weekly pdf મા તાજેતર ની ઘટના નું તો જાણવા મળે છે પણ એની સાથે ઘણું બધું extra જાણવા મળે છે જે અત્યાર ની વિધાન વાળા પેપર માટે બહુ જ સરસ pdf હોય છે. THANK YOU ICE RAJKOT
11:50 am

Hello 12:13 pm

હું દરરોજ આઇસ નું કરંટ વાચું છું બવ જ મજા આવે છે ... તૈયારી કરવાની ... THA KHAKHI🙏🎯💯 Thank you so much all ice family 12:17 pm

Karansinh Chauhan 12:17 pm

Dist: amreli ta : jafrabad 12:18 pm

👉Raval Jayesh K
👉Ranavada Ta-Kankrej Dist-Banaskantha

1) ICE Magic મારા માટે સરળ & To The Point લાગ્યું...

2) Perfect Use Full in My Preperation Journey

Mari pase word nthi i mean amazing mind blowing and aek dan saral and samj ma aavi jay aevu hoy chhe bav j helpful thay chhe ice ni cureent book march thi june ni pan jaldi aapo aevi aasha😊 10:30 pm

ICE મેજિક એ કરંટ અફેર ની તૈયારી કરવા માટે ખૂબ જ હેલ્પફુલ સાબિત થઇ રહ્યું છે. હું છેલ્લા 3 વર્ષથી વાંચન કરું છું. ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ કે જે ક્લાસીસમાં મોંઘી ફી ભરીને જઇ શકતા નથી એ લોકો ફ્રી માં કરંટ અફેર્સ ખાસ કરીને ICE નું જ વાંચતા હોય છે અને ICE કરંટ અફેર્સ માંથી જ કોઇપણ ટાઇપની કોમ્પિટિટિવ એક્ઝામમાં મોસ્ટ ઓફ એમાંથી જ પ્રશ્નો પૂછાતા હોય છે. ICE નું કરંટ અફેર્સ એકદમ સરળ અને સિમ્પલ ડેટ વાઇઝ પ્રોપર તૈયાર કરવામાં આવે છે જેથી કરીને વિદ્યાર્થીઓને ઇઝીલી ખ્યાલ આવી જાય છે

એક સૂચન એ હતું કે લાસ્ટમાં જે વન લાઇનર પ્રશ્નો 20 થી 25 આપવામાં આવે છે એની જગ્યાએ જો એમસીક્યુ ટાઇપના ક્વેશ્ચન મૂકવામાં આવે તો વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ પણ થાય.

**પ્રજાપતિ હિતેશ પરબતભાઇ- ગાંધીનગર** 6:19 pm

નામ : સિંધવ વિજય પોપટભાઇ
ગામ: મોટા સખપર તા: ગઢડા જી: બોટાદ 8:20 am

હેલ્લો ICE ફેમિલી હું તમારો ખુબ આભારી છુ કારણે તમારા કરંટ અફેરસ ના કારણે મને કરંટ અફેરસ માટે બીજા વિડિયો અથવા ડેલીય આવતા કરંટ ના વિડીઓ જોવા ના બદલે તમારી વેબસાઇટમાં થી પીડીએફ ડાઉનલોડ કરીને વાંચી લઇએ છીએ. તેથી ડેલીય વિડિયોઓ નો ટાઇમ બસે છે 8:21 am

2021 ની પોલીસ ની ભરતી માં બે માર્ક માટે રહિ ગયો હતો કારણ કે મને કરંટ અફેરસ માં કન્ફ્યુઝ થયો હતો જો મેં ICE નુ કરંટ અફેરસ બેવાર રિવિઝન કર્યુ હોત પોલીસ માં વારો આવી ગયો હોત. 8:26 am

to be continued

# 'ICE MAGIC' વિશે વાચકોના મંતવ્ય આવકાર્ય

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ગુજરાતના છેવાડાના નાનામાં નાના ગામમાં રહેતા વિદ્યાર્થી પણ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા માટે કરંટ અફેર્સની શ્રેષ્ઠ તૈયારી કરી શકે તે માટે ICE દ્વારા છેલ્લા 10 વર્ષથી 'ICE MAGIC' નામથી કરંટ અફેર્સનું 'Free Online Magazine' પ્રસિદ્ધ કરવામાં આવે છે. એટલું જ નહિ, આ મેગેઝિન વિદ્યાર્થી મિત્રોને વધુમાં વધુ ઉપયોગી થાય તે માટે બદલાતી જતી પરીક્ષા પદ્ધતિને ધ્યાનમાં રાખીને સમયે સમયે અમે તેને સતત અપડેટ પણ કરતા રહ્યા છીએ. અમારો હંમેશા એવો પ્રયાસ રહ્યો છે કે બદલાતા જતા વિવિધ સંજોગોમાં અમે વિદ્યાર્થી મિત્રોની આકાંક્ષા અને અપેક્ષાઓને પરિપૂર્ણ કરી શકીએ. આ સંદર્ભે 'ICE MAGIC'ના તમામ વાચક મિત્રો પોતાના અનુભવો, અભિપ્રાયો અને મતંવ્યો અમને મોકલી શકે છે. આ માટે ખાસ કરીને નીચે આપેલી બાબતો અંગેના મંતવ્યો (Feedback) આપના શહેર અથવા તો ગામના નામ અને આપના ફોટોગ્રાફ સાથે નીચેના મોબાઈલ પર અમને 'Whats App' દ્વારા મોકલી શકો છો......

1. 'ICE MAGIC' તમને કેવું લાગ્યું ?
2. 'ICE MAGIC' તમને કેટલું ઉપયોગી થયું ?
3. 'ICE MAGIC' વાંચીને તમે કઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થયા છો ?
4. 'ICE MAGIC' ને વધારે ઉપયોગી કઈ રીતે બનાવી શકાય ?

અમે તમારો અભિપ્રાય 'ICE MAGIC'ના આગામી અંકોમાં આપના ફોટોગ્રાફ સાથે પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ કરીશું.

**Mo. 9737701110 (Only Whats App)**

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT